RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૫ ● તારીખ: ૨૬-૦૪-૨૦૨૫,શનિવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## આતંકીઓ સમાજના ભાગલા પાડવા માંગે છે : રાહુલ ગાંધી



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો થયા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે શ્રીનગરની મુલાકાતે ગયા છે. આ દરમિયાન તેમણે હુમલાના પીડિતો સાથે મુલાકાત કરી છે. તેમણે કહ્યું કે, 'આતંકવાદીઓનો ઈરાદો સમાજમાં ભાગલા પડાવવાનો છે અને આપણે આતંકવાદીઓને સફળ થવા દેવાના નથી. હું તમામને કહેવા માંગું છું કે, આખો દેશ એક થઈને ઉભો છે. જે કાંઈ પણ થયું, તેની પાછળ સમાજના ભાગલા પાડવાનું ષડયંત્ર છે.તેમણે કહ્યું કે, 'જમ્મુ-કાશમીરમાં અમારા ભાઈ-બહેનો પર કેટલાક લોકો હુમલો કરી રહ્યા છે, તે જોઈને મને દુઃખ થયું છે. જે કંઈપણ થયું તેની પાછળ સમાજના ભાગલા પાડવાનું ષડયંત્ર છે. મેં ઈજાગ્રસ્ત થયેલા લોકોમાંથી એક પીડિત સાથે મુલાકાત કરી. મેં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને એલજી મનોજ સિન્હા સાથે પણ મુલાકાત કરી. મારો પ્રેમ અને સ્નેહ હુમલામાં જીવ ગુમાવનાર મૃતકોના પરિવારના સભ્યો સાથે છે. ગઈકાલે અમારી અને કેન્દ્ર સરકાર વચ્ચે બેઠક યોજાઈ હતી. અમે સરકારને તમામ પગલા ભરવા માટે સમર્થન આપ્યું છે.'તેમણે કહ્યું કે, 'હું અહીં એ જાણવા આવ્યો છું કે, અહીં પર શું થઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરના તમામ લોકોએ હુમલાની નિંદા કરી છે અને આખા દેશે તેમને સમર્થન આપ્યું છે. હું તમામને કહેવા માંગું છું કે, આતંકવાદીઓ દ્વારા થઈ રહેલા પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે આખો દેશ એકજૂટ થઈને ઉભો છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, તમામ ભારતીયો એક થયા છે.'રાહુલ ગાંધીએ આજે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે મુલાકાત કરી અને પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલા અંગે ચર્ચા કરી હતી. અધિકારીઓએ કહ્યું કે, રાહુલ ગાંધી પહેલા અહીં સેનાની હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત પ્રવાસીઓ સાથે વાતચીત કરી હતી, ત્યારબાદ તેમણે મુખ્યમંત્રી સાથે તેમના નિવાસ્થાને મુલાકાત કરી હતી.તેમની મુલાકાતનો ઉદ્દેશ્ય પીડિતો અને તેમના પરિવારો સાથે એકતા વ્યક્ત કરવાનો છે. રાહુલ ગાંધી ગુરુવારે કોંગ્રેસ કાર્યકારી સમિતિની એક મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપવા માટે પોતાનો અમેરિકાનો પ્રવાસ ટુંકાવી તાત્કાલીક પરત આવ્યા હતા. તેમણે સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં ભાગ લીધો હતો. બેઠકમાં આ આતંકવાદી હુમલા વિશે તમામ પક્ષોને માહિતી અપાઈ હતી. સર્વપક્ષીય બેઠક બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે, આતંકવાદી હુમલા અંગે સરકાર દ્વારા લેવામાં આવેલા દરેક પગલાને અમારું સમર્થન છે.રાહુલ ગાંધીએ બેઠકમાં હાજરી આપ્યા બાદ મીડિયાને કહ્યું કે, તમામ પક્ષોએ આ આતંકવાદી હુમલાની નિંદા કરી છે. આતંકવાદ સામે સમગ્ર વિપક્ષ સરકારની સાથે છે. આ મામલે સરકાર ગમે તે પગલાં લે, વિપક્ષ સરકારની સાથે ઉભો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક લગભગ અઢી કલાક ચાલી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર હતા. બધા પક્ષોએ પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી છે.

ઉલ્લેખનીય છે કે, ૨૨ એપ્રિલ મંગળવારે દક્ષિણ કાશ્મીરના પહલગામની બૈસરન ખીણમાં આતંકવાદીઓએ કારતાની હદ વટાવી પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કરી ૨૬ પ્રવાસીઓની હત્યા કરી હતી. સેનાની વેશમાં આવેલા આતંકીઓ બૈસરન ખીણમાં આવી પ્રવાસીઓને પહેલા ધર્મ પૂછ્યો, આઈડી જોયું અને પછી હિન્દુ છો, કહીને ગોળીબાર કર્યો હતો.

## અખંડ ભારત દૈનિક પરિવારે આપી શ્રધ્ધાજંલી



ગુજરાત ના પાટનગર ગાંધીનગર ખાતે "અખંડ ભારત દૈનિક પરિવાર ગુજરાત"તરફથી આપણા દેશમાં હમણાં જ થયેલ પહેલગામ ખાતે ના આતંકવાદી હુમલામાં શહીદ થનાર હિન્દુ યાત્રાળુઓ ના માનમાં શોક વ્યકત કરી શ્રધ્ધાજંલી આપવામાં આવી હતી. આ પ્રસંગે હેડ ઓફિસના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ ભયાનક અને ક્રૂરતાભરેલી ઘટનાઓ પ્રત્યે દૂઃખ વ્યક્ત કરીને અખંડ ભારત ની પ્રતિબંધતા વ્યક્ત કરી હતી. ત્રાસદાયક આફતના ભોગ બનનાર તમામના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના સાથે તથા ગુનેગારો ને દંડ મળે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

## હિન્દુઓ ક્યારેય ધર્મ વિશે પૂછીને નથી કરતા હત્યા, તાકાત છે તો તે બતાવવી પડશે: મોહન ભાગવત"

ડી. કે. પટેલ......રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ RSS ના વડા મોહન ભાગવતે પહેલગામ આતંકવાદી હુમલાના સંદર્ભમાં એક મોટું નિવેદન આપ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે હાલનો સંઘર્ષ ધર્મ અને અધર્મ વચ્ચે છે, ફક્ત કોઈ સંપ્રદાય કે ધર્મના નામે નહીં. તેમણે એમ પણ કહ્યું કે જે લોકો લોકોને તેમના ધર્મ વિશે પૂછીને મારી નાખે છે તેઓ કટ્ટરપંથી છે, અને આવું વર્તન રાક્ષસી વૃત્તિઓનું સૂચક છે. RSS વડાએ આતંકવાદ સામે કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો અને કહ્યું કે જો આપણી પાસે તાકાત છે તો તે બતાવવી પડશે. RSS વડાએ કહ્યું, "આ લડાઈ સંપ્રદાયો કે ધર્મો વચ્ચે નથી. તેનો આધાર ચોક્કસપણે ધર્મ અને સંપ્રદાય છે, પરંતુ તે વાસ્તવમાં ધર્મ અને અધર્મ વચ્ચેની લડાઈ છે." તેમણે વધુમાં કહ્યું, "ભારતીય સૈનિકો કે નાગરિકો ક્યારેય કોઈને તેમના ધર્મ વિશે પૂછીને માર્યા નથી. હિન્દુઓ ક્યારેય ધર્મ વિશે પૂછીને મારતા નથી. જે લોકો તેમના ધર્મ વિશે પૂછીને લોકોને મારે છે તેઓ કટ્ટરપંથી છે, અને આવું વર્તન રાક્ષસી વૃત્તિઓનું સૂચક છે."તેમણે કહ્યું, "આપણા હૃદયમાં દુઃખ છે. આપણે ગુસ્સે છીએ પણ દુષ્ટતાનો નાશ કરવા માટે આપણે શકિત બતાવવી પડશે. જ્યારે રાવણે પોતાનો ઈરાદો ન બદલ્યો, ત્યારે બીજો કોઈ વિકલ્પ નહોતો. રામે તેને સુધારવાની તક આપી અને પછી તેને મારી નાખ્યો."રામ-રાવણ પ્રકરણમાંથી આપ્યું એક ઉદાહરણ રાવણના પ્રકરણનું ઉદાહરણ આપતા મોહન ભાગવતે કહ્યું, "રાવણ ભગવાન શિવનો




ભક્ત હતો, વેદ જાણતો હતો, પરંતુ તેનું મન અને બુદ્ધિ પરિવર્તન માટે તૈયાર ન હતા. રામે આવા રાક્ષસનો અંત કર્યો, કારણ કે ક્યારેક પરિવર્તન માટે વિનાશ જરૂરી છે." તેમણે કહ્યું કે દેશ અને ધર્મનું રક્ષણ કરવા માટે રાક્ષસી વૃત્તિઓ ધરાવતા લોકોનો અંત જરૂરી છે.'મોહન ભાગવતે કહ્યું, "દેશના દરેક નાગરિકના મનમાં દુઃખ અને ગુસ્સો હોવો સ્વાભાવિક છે, કારણ કે રાક્ષસોનો નાશ કરવા માટે અનંત શક્તિની જરૂર હોય છે." તેમણે એ પણ ભાર મૂક્યો કે કેટલાક લોકો ચેતના અને તર્કની બહાર હોય છે અને આવા લોકોમાં કોઈ સુધારો શક્ય નથી, ફક્ત કડક કાર્યવાહી જ તેનો ઉકેલ છે.. .અખંડ ભારત

## પાકિસ્તાનીઓને શોધી પાછા મોકલો: ભારતના તમામ મુખ્યમંત્રીઓને ગૃહ વિભાગનો આદેશ



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મોટો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે પાકિસ્તાન સાથે જોડાયેલા તમામ વિઝા રદ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સંદર્ભે ગૃહમંત્રીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વાત કરી છે. તમામ રાજ્યોને તાત્કાલિક ધોરણે પોતાને ત્યાં રહેતાં પાકિસ્તાનીઓને તેમના વતન મોકલવા આદેશ આપવા કહ્યું છે.આંતકવાદીઓ દ્વારા પહલગામમાં નિર્દોષ ૨૬ લોકોની હત્યા બદલ ભારત આતંકવાદને સમર્થન અને શરણ આપતાં પાકિસ્તાન વિરુદ્ધ સતત એક્શન લઈ રહ્યું છે. સિંધુ જળ સંધિ સ્થગિત કરવા ઉપરાંત પાકિસ્તાનીઓને ૨૭ એપ્રિલ સુધી ભારત ખાલી કરવા આદેશ આપ્યો છે. તમામ રાજ્યોની સરકારને પાકિસ્તાનીઓની ઓળખ કરી તેમના વિઝા રદ કરવા અને પાછા મોકલવા આદેશ આપવામાં આવ્યો છે. બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યોજાયેલી બેઠકમાં પાકિસ્તાન વિરુદ્ધ પાંચ મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં ૬૫ વર્ષ જૂનો સિંધુ જળ કરાર સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કરાર હેઠળ પાકિસ્તાનના ૨૪ કરોડથી વધુ વસ્તીને પાણી મળે છે. વધુમાં પાકિસ્તાનના હાઇકમિશનની સંખ્યા ઘટાડવા તેમજ ભારતમાં રહેતાં પાકિસ્તાનીઓને તુરંત વતન પરત ફરવા આદેશ આપવામાં આવ્યો છે.

## હુમલા બાદ બોર્ડર પર ધમધમાટ, ગુજરાતમાંથી ૪૩૮ પાકિસ્તાનીઓને પરત મોકલવાની કવાયત




જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત ૨૬ ભારતીય નાગરીકોના મૃત્યુ થયા હતા. આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી દેવાનો આદેશ કર્યો હતો, ત્યારે રાજ્યમાં રહેતા પાકિસ્તાની નાગરીકોને લઈને સરકાર પણ એક્શન મોડમાં આવી ગઈ છે. ગુજરાતમાં પણ કોઈના કોઈ કારણસર જે પાકિસ્તાની નાગરીકો આવ્યા છે તેમને પરત પાકિસ્તાન મોકલવાની કવાયત તેજ કરી દેવાઈ છે. ગુજરાતમાં લોંગ ટર્મ વિઝા વાળા ૪૩૮, જ્યારે શોર્ટ ટર્મ વિઝાવાળા ૧૫ પાકિસ્તાની નાગરિકોની યાદી સુત્રો દ્વારા પ્રાપ્ત થઈ છે.લોંગ ટર્મ વિઝા વાળા સૌથી વધુ પાકિસ્તાની નાગરીક અમદાવાદમાં ૭૭, જ્યારે કચ્છમાં ૫૩ અને સુરતમાં ૪૪ પાકિસ્તાન નાગરિક છે. તો બીજી તરફ શોર્ટ વાળા સૌથી વધુ ભરૂચમાં ૮, અમદાવાદમાં ૫ અને વડોદરામાં ૨ પાકિસ્તાન નાગરિક હોવાની યાદી મળી છે. આ તમામ પાકિસ્તાની નાગરિકો પાસે ૧૪ એપ્રિલથી ૨૮ જૂન સુધીના વિઝા હતા. જેમને ગુજરાતમાંથી અટારી સરહદે મોકલી દેવાની કવાયત કરાઈ છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારના આદેશ બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પાકિસ્તાનથી આવેલા નાગરિકોને તાત્કાલિક ધોરણે પરત મોકલવા તમામ જિલ્લાઓના કલેક્ટર અને એસપીને સૂચના આપી દીધી છે. પાકિસ્તાની નાગરિકોને પાકિસ્તાન મોકલવાની ગુજરાતમાં તૈયારીઓ શરુ થઈ છે. જ્યારે જે હિંદુ શરણાર્થીઓ પાકિસ્તાનથી આવ્યા છે તેમની સામે કંઈ કાર્યવાહી કરવામાં નહીં આવે.પહલગામમાં આતંકી હુમલા પછી ભારતે પાકિસ્તાનને આકરો સંદેશો આપતા બુધવારે સાર્ક વિઝા હેઠળ આવેલા પાકિસ્તાનીઓને દેશ છોડવા આદેશ કર્યો હતો. ભારત સરકારે હવે ગુરુવારે પાકિસ્તાની નાગરિકોના મેડિકલ સહિત તમામ પ્રકારના વિઝા રદ કરી દીધા છે અને તેમને ૨૯ એપ્રિલ સુધીમાં ભારત છોડી દેવા આદેશ કર્યો છે. બીજીબાજુ પાકિસ્તાન પર ડિપ્લોમેટિક સ્ટ્રાઈક કરતાં ભારતે ગુરુવારે જી-૨૦ દેશોના રાજદૂતોની બેઠક બોલાવી હતી અને પહલગામ આતંકી હુમલા અંગે વિસ્તારથી માહિતી આપી હતી.

## દિલ્હીમાં ભાજપની ટ્રિપલ એન્જિન સરકાર, રાજા ઈકબાલ સિંહ મેયર બન્યાં

ભાજપના કાઉન્સિલર રાજા ઈકબાલ સિંહ દિલ્હીના મેયર બન્યા છે. તેમણે ૧૩૩ મતની બહુમતી સાથે વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મનદીપને માત્ર ૮ મત મળ્યા હતાં. જય ભગવાન યાદવ (બેગમપુર વોર્ડ) દિલ્હીના ડેપ્યુટી મેયર બન્યા છે. આ સાથે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) બે વર્ષ બાદ ફરી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)માં પાછી ફરી છે.દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આજે મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ વિજયી બની છે. રાજા ઈકબાલ સિંહ ભાજપ તરફથી મેયર પદના ઉમેદવાર હતા. તેમણે જણાવ્યું કે, દિલ્હીના લોકોએ અમને શહેરની સમસ્યાઓ ઉકેલવાની જવાબદારી સોંપી છે. AAP એ પહેલાથી જ પોતાની હાર સ્વીકારી લીધી છે.

## ભારત સિંધુનું પાણી રોકશે તો યુદ્ધ છેડાશે : પાક.ની શેખી

ઈસ્લામાબાદ : પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાનમાં તણાવ ચરમસીમા પર પહોંચી ગયો છે. ભારતે પાકિસ્તાન સાથે ૬ દાયકા જૂનો સિંધુ કરાર રદ કર્યાના બીજા દિવસે ગુરુવારે પાકિસ્તાને પણ શિમલા કરાર રદ કર્યો છે. પાકિસ્તાને કહ્યું, સિંધુ કરાર રદ કરવો એ યુદ્ધની ઘોષણા કરવા સમાન છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે દાવો કર્યો કે પાકિસ્તાન કોઈપણ હુમલાનો જવાબ આપવા સક્ષમ છે. તેમણે કુલભૂષણ જાધવ સમાન વધુ એક ભારતીય એજન્ટને પકડયો હોવાનો દાવો કર્યો હતો.જમ્મુ-કાશમરીના પહલગામમાં મંગળવારે પર્યટકો પર આતંકી હુમલાના બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે ભારતની ટોચની સુરક્ષા બેઠક યોજાઈ હતી અને તેમણે પાકિસ્તાન સાથેનો ૬ દાયકા જૂનો સિંધુ કરાર રદ કરવા સાથે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા. ભારતના હુમલાના જવાબમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે ઈસ્લામાબાદમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની બેઠક યોજી હતી

## પંજાબ બોર્ડર પાસેથી ઝડપાયા હથિયાર હેન્ડ ગ્રેનેડસ, પિસ્તોલ, રિમોટ...

જમ્મુ-કાશ્મીરમાં પહલગામ ૨૨ એપ્રિલ મંગળવારે ભયાનક ઘટના બની હતી. અહીં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કરી ૨૮ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. જોકે હવે આતંકવાદીઓ વધુ એક તબાહીનું ષડયંત્ર રચ્યું હોય તેમ પંજાબમાં મસમોટો હથિયારોનો જથ્થો મળી આવ્યો છે. આ ઘટના બાદ બીએસએફ અને સ્થાનીક પોલીસ હિતની ટીમો દોડતી થઈ ગઈ છે અને પાકિસ્તાનના નાપાક ઈરાદા નિષ્ફળ બનાવ્યું છે.બીએસએફએ આજે (૨૫ એપ્રિલ) અમૃતસરના અજનાલા પોલીસ સ્ટેશન હેઠળના ગામ ચક્ક બાલાના એક ખેતરમાંથી સાડા ચાર કિલો RDX, પાંચ હેન્ડ ગ્રેનેડ, ચાર પિસ્તોલ, આઠ મેગેઝીન, ૨૨૦ કારતૂસ, બે બેટરી અને બે રિમોટ જપ્ત કર્યા છે.

તંત્રીલેખ.......

## સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વળતા પાણીઃ બે વર્ષમાં ૨૮,૦૦૦થી પણ વધુ સ્ટાર્ટઅપ્સ બંધ થઈ ગયા

વિશ્વના ત્રીજા સૌથી મોટા ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમે એક અવિશ્વસનીય રેકોર્ડ બનાવ્યો છે. છેલ્લા બે વર્ષમાં ૨૮,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સે પોતાના શટર પાડી દીધા છે. જેમાં ૨૦૨૩માં ૧૫,૯૨૧ અને ૨૦૨૪માં ૧૨,૭૧૭ સ્ટાર્ટઅપ બંધ થઈ ગયા છે. તેમાંથી કેટલાકે નાદારી માટે અરજી કરી છે.ડેટા ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ ટ્રેક્સન અનુસાર, પાછલા ત્રણ વર્ષ - ૨૦૧૯-૨૦૨૨માં ૨,૩૦૦ શટડાઉનથી આ ૧૨ ગણો વધારો છે. ૨૦૧૯ અને ૨૦૨૨ વચ્ચે ૯,૬૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ શરૂ થયા હતા, જે ૨૦૨૪માં ઘટીને માત્ર ૫,૨૬૪ રહ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૧૨૫ સ્ટાર્ટઅપ્સ જ શરૂ થયા છે. નિષ્ણાતો આ વલણને ઈકોસિસ્ટમની નિષ્ફળતાને બદલે 'વિલંબિત કરેક્શન' અથવા કેલિબ્રેશનને આભારી છે તેમ માને છે.૨૦૨૧-૨૦૨૨માં સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રે નવો મૂડીનો પ્રવાહ જોવા મળ્યો હતો. અસંખ્ય કંપનીઓને પ્રી-પ્રોડક્ટ માર્કેટ ફિટ તબક્કે ભંડોળ મળ્યું હતું. ઘણી કંપનીઓએ ઊંચા મૂલ્યાંકન પર પણ મૂડી એકઠી કરી, જેના કારણે તેઓ ફોલો-ઓન રોકાણો એકત્રિત કરવામાં નિષ્ફળ ગયા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર, જે ક્ષેત્રોમાં સૌથી વધુ શટડાઉન જોવા મળ્યા છે તેમાં એગ્રીટેક, ફિનટેક, એડટેક અને હેલ્થટેકનો સમાવેશ થાય છે. આ સ્ટાર્ટઅપ્સ મોટાભાગે નિષ્ફળ ગયા કારણ કે શરૂઆતના અને મોટા મૂડી રોકાણને કારણે રોકડનો વધુ ઉપયોગ અને દરેક કિંમતે વૃદ્ધિની માનસિકતા વધી હતી. નિષ્ફળતાઓનું એક મુખ્ય કારણ બિઝનેસ મોડેલ્સમાં લાંબા ગાળાની સદ્ધરતા અથવા વિકસતા બજાર ગતિશીલતા સાથે અનુકૂલન કરવાની ક્ષમતાનો અભાવ હતો.૨૦૨૫માં અત્યાર સુધીમાં ફક્ત ૨૫૯ શટડાઉન થયા છે પરંતુ નિષ્ણાતો આ સંખ્યામાં વધારો થવાની અપેક્ષા રાખે છે. અર્થપૂર્ણ એકત્રીકરણનો અભાવ એ સંપાદનની ધીમી ગતિ અને શટડાઉનની વધુ સંખ્યાનું બીજું કારણ છે. સ્ટાર્ટઅપ ટેકઓવર કરવાની સંખ્યા ૨૦૨૧ માં ૨૪૮ થી ઘટીને ગયા વર્ષે ૧૩૧ થઈ ગઈ છે.

# એક જ ગુનામાં બે એક્ટ લાગતા હોય ત્યારે કયા ગુનાને મોટો ગણવો ? તેની સમજૂતી

હેતુ વધુ વિશાળ હોય તે મોટો કાયદો, બે વિશેષ કાયદાઓ એકબીજા સાથે ટકરાતા હોય તો જે કાયદાનો હેતુ વધુ વિશાળ હોય તેને ચઢીયાતો માનવો જોઈએ.

એક્ટ્રોસીટી એકટ એસ.સી.. એસ.ટી. સમુદાયના લોકો ઉપર થતા અત્યાચારને રોકવા માટે ખાસ કાયદો છે. જ્યારે પોસ્કો એક્ટએ તમામ બાળકોના રક્ષણનો અને સલામતી આપવા માટેનો કાયદો છે. એટ્રોસિટીનો કાયદો ૧૯૮૯માં બન્યો છે. જ્યારે પોસ્કોનો કાયદો સને ૨૦૧૨માં બનેલ છે. એકટ્રોસિટી એક્ટમાં સને ૨૦૧૫માં અને તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે સુધારો કર્યો છે.

બાળકોની જાતિ તેના કલ્યાણ કે સુરક્ષા કરતા ક્યારેય વધારે ચઢીયાતી ના હોઈ શકે. તાજેતરની રેપપિડિતા બાળકી પુખ્તવયની નથી તેના ઉપર થયેલ અત્યાચાર એ પોસ્કો એક્ટ મુજબ થયેલ અત્યાચાર ગણાય ત્યારબાદ એટોસિટીએક્ટ લાગે તેથી પોસ્કો હાલના સંજોગોમાં બાળકી ઉપર થયેલ અમાનવીય અત્યાચારના કારણે મોટો કાયદો સદર કેસમાં બની જાય છે.

જ્યારે એક જ કેસમાં એટ્રોસિટી અને પોસ્કો એમ બે વિશેષ કાયદા હેઠળ ગુનાઓ નોંધાયેલા હોય ત્યારે આરોપીઓની જામીન અરજમાં એટ્રોસિટી કરતા પોસ્કોનો કાયદો મોટો ગણવો જોઈએ અને તે સંદર્ભે કેસની ગંભીરતા જોઈ હુકમ કરવો જોઈએ. જામીન અરજ લગત નામ. ગુજરાત હાઈકોર્ટે સુંદર કેસમાં અવલોકન કરતા જણાવ્યું કે, આરોપીની જીમીન અરજના અનુસંધાનમાં પોસ્કો કાયદાને એટ્રોસિટીના કાયદાથી ચઢીયાતો માનવો જોઈએ. બે વિશેષ કાયદાઓ એકબીજા સાથે ટકરાતા હોય ત્યારે જે કાયદાનો હેતુ વધુ વિશાળ હોય તે કાયદાને જ વધુ ચઢીયાતો જોઈએ. માની ન્યાય કરવો

કેસની વિગત મુજબ મહિસાગર જિલ્લામાં દલિત સગીરા સાથે સામુદાયિક દુષ્કર્મની ઘટના બનેલી છે. આ કેસમાં છ આરોપીઓની ધરપકડ પણ પોલીસ દ્વારા કરવામાં આવેલ અને ત્યારબાદ નામ. કોર્ટમાં રીમાન્ડ માટે રજુ કરવામાં આવેલા જે એફ.આઈ.આર. જોતા પોસ્કો અને એકટ્રોસિટી બંને કાયદાની કલમો મુજબ ફરિયાદ નોંધવામાં આવેલ જયારે એફ.આઈ.આર. બે કાયદા અન્વયે હોય તો આરોપીઓએ કયા એક્ટ અન્વયે જામીન અરજી નામ. કોર્ટમાં સી.આર.પી.સી.ની કલમ : ૪૩૯ મુજબ અરજ ગુજારેલ હોય ત્યારે એકટ્રોસીટીના કાયદાની કલમ : ૧૪(એ)(૨) મુજબ આરોપીએ જામીન અરજી અલગથી કરવી પડે. બંને કાયદાની એક જ જામીન અરજ ના થાય. બંનેમાંથી કયો કાયદો મોટો ગણવો તે કાયદાનો હેતુ જોયા બાદ તથા આરોપીના કૃત્યને જોયા પછી જ ખબર પડે. એક જ એફ.આઈ.આર.માં એટ્રોસીટી અને પોસ્કોના ગુનાઓ લખેલા હોય તો સી.આર.પી.સી.ની કલમ : ૪૩૯ મુજબ કયા ગુનામાં જામીન આપવા બંને ગુના લાગેલા હોય તો એટ્રોસિટી નહી પણ પોસ્કોનો કાયદો મોટો ગણી તે લગત જામીન અરજ ઉપર નીચલી કોર્ટે હુકમ કરવો જોઈએ. તેમ નામ. ગુજરાતની વડી અદાલતે તાજેતરમાં મહિસાગર જિલ્લામાં સગીરા ઉપર કરેલ અત્યાચારના કેસમાં આરોપીએ રજુ કરેલ જામીન અરજીની સુનવણી દરમ્યાન તારણ કાઢેલ.

એકટ્રોસિટી એક્ટ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ઉપરના અત્યારચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ અન્વયે ભારતીય બંધારણના અનુચ્છેદ : ૧૫(૪) મુજબ આ કાયદાને રક્ષિત કરવામાં આવ્યો છે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સામાજિક ન્યાય મળી રહે તે માટેનો આ કાયદાનો હેતુ છે. આ કાયદાની જોગવાઈનો લાભ સુપ્રીમ કોર્ટના ૧૯૯૫ના એક ચુકાદા અન્વયે મુસ્લિમ અને ખ્રિસ્તિ લોકોને મળી શકતો નથી. જયારે બે અર્થઘટન થતા હોય ત્યારે જે અર્થથી કાયદાનો હેતુ જાળવી શકતો હોય તે અર્થ કરવો જોઈએ.

આ એક્ટ મુજબના કેસો ચલાવવા કલમ : ૧૪ પ્રમાણે રાજય સરકાર વડી અદાલતના મુજબ ન્યાયમૂર્તિ સાથે પરામર્શ કરીને રાજયપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી દરેક જિલ્લા માટે સેસન્સ ન્યાયાલયને ખાસ ન્યાયાલયનો છે. આ એક્ટના ગુના માટે સરકાર પક્ષે ફરિયાદીને ખાસ પબ્લિક પ્રોસીક્યુટર કલમ : ૧૫ પ્રમાણે એડવોકેટની દરજ્જો આપી નિર્દોષ કરે તે અદાલતને ખાસ ન્યાયાલય ગણી આ પ્રકારના કેસો એડીસનલ સેસન્સ કોર્ટમાં ચાલે નિમણૂક ખાસ ન્યાયાલયમાં કેસ ચલાવવા કરી શકે છે. જે જાહેરનામું ગુજરાત સરકારે ૩૧/૦૧/૧૯૯૦માં બહાર પાડેલ છે.

સંવિધાનના અનુચ્છેદ : ૩૪૧, ૩૪૨ મુજબ કોને અનુસુચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ ગણવી તે રાષ્ટ્રપતિ કોઈ રાજ્ય અથવા સંઘ રાજયક્ષેત્ર માટે કરે છે. તેમજ રાજયની બાબતમાં તેના રાજયપાલશ્રી સાથે વિચારવિનિમય કરીને રાજયપત્રીત જાહેરનામાથી પ્રસિદ્ધ કરે છે. તે મુજબ આવા પ્રકારના ગુના સાથે અન્ય ગુનો આરોપી આચરે તો તેનો હેતુ વિશેષ જોઈએ. તેપ્રમાણેજામીનઅરજનો નિકાલ કોર્ટેકરવાનોરહેશે.

કાયદાની કલમ



લેખકઃ ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

## મોડાસા શહેરના વેપારીઓએ સજ્જડ બંધ પાળી વિરોધ દર્શાવ્યો



સુહાગ જોશી /કનુ વાળંદ - જમ્મુ કાશ્મીર ના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં નિર્દોષ લોકો પર હુમલાઓ કરી ગોળીબાર કરવામાં આવેલ ઘટનાના વિરોધમાં મોડાસા અને આજુ બાજુના વિસ્તારો બંધ રહ્યા હતા.(મેડિકલ સ્ટોર, પેટ્રોલ પંપ ઈમરજન્સી સેવા સિવાય) મોડાસા શહેર તાલુકા વિસ્તારમાં બજાર સંપૂર્ણ બંધ જોવા મળ્યા હતા.વાહન વ્યવહાર રાબેતા મુજબ ચાલુ રહ્યો હતો.મોડાસા ટીટોઇ,ધનસુરા, મેઘરજ, ભિલોડા, શામળાજી,વડાગામ, બાયડ, માલપુર વિસ્તારમાં (જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ સિવાયની ) સંપૂર્ણ બજાર બંધ રહ્યું હતું. વાહન વ્યવહાર રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા.-અખંડ ભારત

## પીસાવાડામાં મિલન કાર્યક્રમ યોજાયો



હુસેઈન મિનટ - પીસાવાડા દાઉદી વ્હોરા સમાજના આમીલ સાહેબ હજયાત્રાએ જવાના હોઈ સ્થાનિક હિન્દુ,મુસ્લીમ સહિત સર્વે સમાજના સ્થાનિક ઓગાવનો એકત્ર થઈ હજયાત્રી આમીલ સાહેબને ફુલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી, આ તબક્કે અહલે સુન્નત જમાતના ઈમામ સાહેબ, રામજી મંદિર ના મહારાજ, રાજપૂત સમાજ ના આગેવાન, અનુસૂચિત જાતિ ના જવાનો તેમજ સમસ્ત માલધારી ભરવાડ સમાજ ઉપસ્થિત રહ્યા હતા.જે સર્વેનો આમીલ સાહેબે આભાર વ્યકત કર્યો હતો.-અખંડ ભારત

## સરકારી વેબસાઈટ-સેવા પોર્ટલ્સ યુઝર ફ્રેન્ડલી બનાવો, ગુજરાત વહીવટી સુધારણા પંચની સરકારને સલાહ

ગુજરાતના નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓને એક જ ડિજિટલ માધ્યમથી સાઈન-ઈન કરીને સુવિધા મળી રહે તે માટે ગુજરાત વહીવટી સુધારણા પંચની રચનાની જાહેરાત થયાના બે મહિનામાં ૧૧ જેટલી ભલામણો મળી છે. આ તમામ ભલામણોને પંચ દ્વારા મુખ્યમંત્રીને ભૂપેન્દ્ર પટેલને મોકલવામાં આવી હતી. જેમાં ગુજરાત વહીવટી સુધારણા પંચ દ્વારા સરકારી વેબસાઈટ-સેવા પોર્ટલ્સ યુઝર ફ્રેન્ડલી બનાવવા સહિતની ભલામણોને લઈને સરકારને સલાહ આપી હતી. છેલ્લા બે મહિનામાં ૧૧ જેટલી ભલામણો પંચને મળી છે, ત્યારે પંચ દ્વારા તમામ ભલામણોને લઈને રાજય સરકારને સલાહ-સૂચનો આપ્યા છે.સરકારી વેબસાઈટ્સ અને ઍપ્લિકેશન્સની ગુણવત્તા. સુલભતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, ઑગસ્ટ ૨૦૨૫ સુધીમાં બધી સરકારી વેબસાઈટ્સનું મૂલ્યાંકન કરવા અને ભારત સરકારની વેબસાઈટ્સ અને ઍપ્લિકેશન્સ માટેની માર્ગદર્શિકાનું પાલન કરવા. સરકારી સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના માધ્યમથી સરકાર દ્વારા કરવામાં આવતી રોજિંદી પ્રવૃત્તિઓ તેમજ સ્થાનિક સ્તરે વિવિધ યોજનાઓ, સક્સેસ સ્ટોરીને લગતા ઈન્ફોગ્રાફિક્સ, સમજૂતીવાળા વીડિયોઝ્ વગેરે જનતા સુધી સરળતાથી પહોંચે તે મુજબના પગલાં લેવા.

# વિચારથી બજાર સુધી – વિચારને સુરક્ષિત અને વ્યવસાયિક બનાવવાની દિશામાં એક ઊંડી ઝાંખી આપતો બૌદ્ધિક સંપદા દિવસ




(અંક નંબર ૩૧૬)

કોઈ વ્યક્તિ કે સંસ્થા – સંગઠન દ્વારા કરવામાં આવેલા કોઈપણ સર્જન, સંગીત, સાહિત્યિક કૃતિ, કલા, શોધ, નામ અથવા ડિઝાઈન વગેરેને તે વ્યક્તિ અથવા સંસ્થાની 'બૌદ્ધિક સંપત્તિ' કહેવામાં આવે છે. આ રચનાઓ – સંશોધન પર જે-તે વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા મેળવેલા અધિકારોને 'બૌદ્ધિક સંપદા અધિકાર' કહેવામાં આવે છે."

સ્પર્ધાત્મકતા વધારવા માટે બૌદ્ધિક સંપત્તિ અધિકારો (આઈપીઆર) કોઈપણ વ્યવસાય સંસ્થા માટે વ્યૂહાત્મક વ્યવસાય સાધન તરીકે ઉભરી રહ્યા છે. સ્ટાર્ટઅપ્સ, મર્યાદિત સંસાધનો અને માનવશક્તિ સાથે, માત્ર સતત વિકાસ અને વિકાસ-આધારિત નવીનતાઓ દ્વારા જ આ અત્યંત સ્પર્ધાત્મક દુનિયામાં પોતાને ટકી શકે છે; આ માટે, તે એટલું જ મહત્વપૂર્ણ છે કે તેઓ ભારતમાં અને બહાર તેમના આઈપીઆરને સુરક્ષિત કરે છે. સ્ટાર્ટઅપ્સ ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી પ્રોટેક્શન (એસઆઈપીપી) માટેની યોજના ભારત અને બહાર નવીન અને રસ ધરાવતા સ્ટાર્ટઅપ્સના પેટન્ટ્સ, ટ્રેડમાર્ક્સ અને ડિઝાઈનની સુરક્ષા માટે કલ્પના કરવામાં આવી છે."

વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન (ડબ્લ્યુઆઈપીઓ) એસએમઈ અને સ્ટાર્ટઅપ્સની વિશિષ્ટ ભૂમિકાને આઈપી સિસ્ટમ્સનો ઉપયોગ નવીન અને રચનાત્મક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવા માટે કરે છે જેમાં આર્થિક, સામાજિક અથવા સાંસ્કૃતિક રીતે સમાજમાં યોગદાન આપવાની ક્ષમતા છે. આ પુરસ્કાર કાર્યક્રમ દ્વારા, **WIPO** એવા **SMEs** ની ઉજવણી કરે છે જેમણે તેમના દેશ સિવાયના નવીન અને સર્જનાત્મક ઉત્પાદનો/સેવાઓનું વ્યાપારીકરણ કરવા માટ **IP** અધિકારોનો ઉપયોગ કર્યો છે, અને સ્ટાર્ટઅપ્સના કિસ્સામાં, પ્રારંભિક તબક્કે તેમના વ્યવસાય સાહસમાં **IP** ને એકીકૃત કરવા માટે, તેમની **IP** સંપત્તિઓનું વ્યાપારીકરણ કરવાની ક્ષમતાને સ્વીકારતા છે.

"કોઈપણ બિઝનેસમાં તેની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી મહત્વની એસેટનું કામ કરે છે"

દર વર્ષે ૨૬ એપ્રિલે વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમની સ્થાપના ૨૦૦૦ માં વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન **(WIPO)** દ્વારા "પેટન્ટ, કૉપિરાઈટ, ટ્રેડમાર્ક અને ડિઝાઈન દૈનિક જીવન પર કેવી અસર કરે છે તે અંગે જાગૃતિ લાવવા" અને "સર્જનાત્મકતા અને વિશ્વભરના અર્થતંત્રો અને સમાજોના વિકાસમાં સર્જકો અને નવીનતાઓ દ્વારા આપવામાં આવેલા યોગદાનની ઉજવણી કરવા" માટે કરવામાં આવી હતી.

"આજના યુવાઓ પાસે નવતર વિચારોનો ભરપૂર ખજાનો છે."

તેમનો નવો દૃષ્ટિકોણ, ઊર્જા, જિજ્ઞાસા અને 'બધું શક્ય છે'નો અભિગમ ઈનોવેશન અને પરિવર્તન માટેનાં ચાલકબળ છે. ઈનોવેશન સ્થાનિક પડકારોને પહોંચી વળવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને યુવા ઈનોવેટર્સ તેમના વિચારો અને મહત્વાકાંક્ષા દ્વારા દુનિયામાં પરિવર્તન લાવી રહ્યા છે. એવું કહેવાય છે કે 'વિચારો લાગુ ન થાય ત્યાં સુધી તે માત્ર વિચાર જ રહે છે.'

વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ડે અથવા વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસની ઉજવણી દર વર્ષની ૨૬ એપ્રિલે કરવામાં આવે છે. જેનો હેતુ ઈનોવેશન અને રચનાત્મકતાને પ્રોત્સાહિત કરવામાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (આઈપી)ના અધિકારોની ભૂમિકાને યોગ્ય રીતે સમજવાનો છે. વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન **(WIPO)** એક વૈશ્વિક મંચ છે, જેની સ્થાપના વિશ્વભરમાં આઈપીના રક્ષણ માટે કરવામાં આવી છે. તે દર વર્ષે આઈપી ડેની ઉજવણી માટે એક થીમ નક્કી કરે છે.

દર વર્ષે ૨૬ એપ્રિલે વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમની સ્થાપના ૨૦૦૦ માં વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન **(WIPO)** દ્વારા "પેટન્ટ, કૉપિરાઈટ, ટ્રેડમાર્ક અને ડિઝાઈન દૈનિક જીવન પર કેવી અસર કરે છે તે અંગે જાગૃતિ લાવવા" અને "સર્જનાત્મકતા અને વિશ્વભરના અર્થતંત્રો અને સમાજોના વિકાસમાં સર્જકો અને નવીનતાઓ દ્વારા આપવામાં આવેલા યોગદાનની ઉજવણી કરવા" માટે કરવામાં આવી હતી.

વિશ્વભરમાં ઓનલાઈન માર્કેટના વધી રહેલા દબદબાને કારણે દરેક કંપની માટે આગવી ઓળખ ઊભી કરવાનું જરૂરી બન્યું છે. દરેક બિઝનેસ ટ્રેડ નેમ, બ્રાન્ડ, લોગો, એડવર્ટાઈઝમેન્ટ્સ, નવી શોધો, ડિઝાઈન, પ્રોડક્ટ્સ અથવા વેબસાઈટનો ઉપયોગ કરે છે, જેના મૂલ્યવાન આઈપી અધિકાર કંપની પાસે હોય છે. એટલે ઈનોવેટર્સે વિવિધ હેતુઓ માટે તેમની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીના વિકાસ અને રક્ષણ અંગે જાગૃત રહેવું જોઈએ.

જેમાં ઈનોવેટિવ વિચારોનો સફળતાપૂર્વક અમલ નાના સ્ટાર્ટ-અપ્સને અબજો ડોલરની કંપનીમાં પરિવર્તિત કરવાની ક્ષમતા ધરાવે છે અને ત્યારે જ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (આઈપીઆર)ની ભૂમિકા મહત્વની બને છે.પેટન્ટ્સ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ્સ અને ડિઝાઈન આઈપીઆરના મુખ્ય પ્રકાર છે. ઉદારીકરણના યુગમાં ઘણી કંપનીઓનો બિઝનેસ વધી રહ્યો છે અને ઉધોગો સતત ઈનોવેશન અને રચનાત્મકતા સાથે બજારમાં દરરોજ નવી પ્રોડક્ટ્સ, બ્રાન્ડ્સ અને ક્રિએટિવ ડિઝાઈન લાવે છે.કંપનીના મૂલ્યમાં વૃદ્ધિ, વધુ સારી ગુડવિલ, સ્પર્ધાત્મક લાભનું રક્ષણ, માર્કેટિંગના લાભ માટે આઈપીનો ઉપયોગ તેમજ આઈપી રાઈટ્સનું લાઈસન્સિંગ અને તેમાંથી આવક ઊભી કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.આઈપી પ્રોટેક્શન દ્વારા વિવિધ એસેટ્સના લાઈસન્સિંગ, મૂડી એકત્રિકરણ, પૂલિંગ દ્વારા વૃદ્ધિ હાંસલ કરી શકાય છે. એટલે દરેક બિઝનેસ માટે આઈપીની જાણકારી મેળવી તેનું રક્ષણ કરવું જરૂરી છે. ઈનોવેશનના આ દાયકામાં કંપની વિકાસ સાધે ત્યારે તેની શોધનું રક્ષણ તેમજ અન્ય હરીફોને કંપનીની પ્રોડક્ટ્સની નકલ કરતા અટકાવવાનું જરૂરી બન્યું છે. કંપની અસરકારક આઈપી પોર્ટફોલિયો વિકસાવી શકે છે તેમજ સફળતાપૂર્વક આવક મેળવવા આઈપી મેનેજમેન્ટ સ્ટ્રેટેજીની સમીક્ષા કરી શકે છે. જે તે ઉધોગમાં સ્પર્ધાત્મક લાભ મેળવવા આઈપી આરનો વ્યૂહાત્મક સાધન તરીકે ઉપયોગ કરી શકાય. મહત્વની વાત એ છે કે ભવિષ્યમાં બિઝનેસ ભલે બંધ થાય પણ તેની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી મહત્વની એસેટનું કામ કરે છે. .. રામે... રામ

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# લુણાવાડા ખાતે સરપંચોનો સન્માન સમારોહ યોજાયો



ડામોર સોનલબેન- સમગ્ર ભારતમાં પંચાયતી રાજ દિવસ ૨૪ એપ્રિલના રોજ મનાવવામાં આવે છે જે અંતર્ગત આજ રોજ મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા કલેકટર કચેરી સભાખંડ ખાતે આદિજાતિ વિકાસ,પ્રાથમિક,માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની પ્રેરક ઉપસ્થતિમાં જિલ્લા કક્ષાનો પંચાયત રાજ દિવસની ઉજવણી કરાઈ હતી. લુણાવાડા કલેકટર કચેરી ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીડોર, દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, લુણાવાડા ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ, બાલાસિનોર ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર સુશ્રી અર્પિત સાગર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થના હસ્તે પંચાયત રાજ દિવસ નિમિત્તે જિલ્લાના દરેક તાલુકા દીઠ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સરપંચશ્રીઓને પ્રમાણપત્ર આપી સન્માન કરાયા હતા. આજ રોજ મહીસાગર જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં ખાસ ગ્રામસભાનો આયોજન કરાયું છે અને તમામ ગ્રામ પંચાયત ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના મધુબનીથી પંચાયતી રાજ દિવસ-૨૦૨૫ રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં નાગરિકો વર્ચ્યુઅલી જોડાયા હતા.આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રીઓ, સંકલનના તમામ અધિકારીશ્રી સહિત સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લિંબડી સીએચસી ખાતે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

હસમુખ પ્રજાપતિ - દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન ભવ કેમ્પ અંતર્ગત અને ગોત્રી મેડિકલ કોલેજ વડોદરા નાં સહયોગ થી મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો આ કેમ્પ માં ગોત્રી મેડિકલ કોલેજ નાં વિવિધ વિભાગ નાં સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો દ્વારા નિદાન અને સારવાર કરવામાં આવી આ કેમ્પ માં કુલ ૭૨ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પ માં લેબોરેટરી



તપાસ એક્ષરે વાન દ્વારા દર્દીઓ ના એક્ષરે પાડવામાં આવ્યા હતા સમગ્ર મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ નું આયોજન સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો ડી.કે. પાંડે દ્વારા કરવામાં આવ્યું હતું હેલ્થ કેમ્પ માં ભાગ લીધેલ તમામ લાભાર્થી અને ડોક્ટર શ્રીઓ અને તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો-અખંડ ભારત

# ખોડાણામાં પાણીના કુંડા અને ચકલી ઘરનું વિતરણ કરાયું



ઠાકોર જીવણજી - સરસ્વતી તાલુકાના ખોડાણા ગામમાં આરતી ફર્નિચર ઈલેક્ટ્રોનિક્સ શો રૂમ ના માલિક મેલજીજી ઠાકોર ખોડાણા(વિરોધ પક્ષ નેતા સરસ્વતી ) દ્વારા ખોડાણા ગામમાં ૧૦૦૧પાણીના કુંડા તેમજ ૭૦૧ચકલી ઘરનું વિના મુલ્યે સધીરામ ગ્રુપના સહયોગથી વિતરણ કરવામાં આવ્યુ હતું. આ સેવાકીય પ્રવુતિમાં ખોડાણા ગામનું સધીરામ ગ્રુપે પુરેપુરો સહયોગ આપ્યો હતો તેમજ ગામના મોટી સંખ્યામાં લોકો આવીને પક્ષીઓ તૃપ્ત કરવા માટે પક્ષીના કુંડાઓ તેમજ ચકલીને રહેવા માટે પક્ષીઘર લઇ ગયા હતા, ઉનાળાની કાળજાળ ગરમીમા પક્ષીઓને છાંયડો મળી રહે અને પાણી મળી રહે એ માટે મેલજીજી ઠાકોરે જેહમત ઉઠાવી હતી. આ સેવાકીય પ્રવુતિને જીવદયા પ્રેમીઓ બિરદાવી હતી.-અખંડ ભારત

# નેશનલ હાઈવે ઉપર મહુન્દ્રા નજીક ટ્રાફિકની સમસ્યા



**રાવલ રાહુલ ભાઈ - ચિલોડા હિંમતનગર હાઈવે ઉપર મહુન્દ્રા ગામની નજીક બ્રિજની ચાલતી કામગીરીને કારણે સર્વિસ રોડ ઉપર છાશવારે સર્જાતી ટ્રાફિક સમસ્યાને કારણે વાહન ચાલકો ત્રાહીમામ્ પોકારી ગયા છે.ટ્રાફિક નિવારવા માટે તંત્ર દ્વારા પગલા લેવાય તેવી માંગ ઉઠી છે.-અખંડ ભારત**

# બોટાદ જિ.પં.ખાતે રાષ્ટ્રીય પંચાયત દિનની ઉજવણી કરાઈ



જગદીશ પરમાર - બોટાદ જિલ્લા પંચાયત ખાતે ૨૪ એપ્રિલ ૨૦૨૫ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ઉજવણી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં ઉપસ્થિત બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ જેઠીબેન પરમાર બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ રાઠોડ પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ વિરાણી તેમજ જિલ્લા વિકાસ અધિકારી તમામ જિલ્લા પંચાયતના સભ્યો કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# શિયાણીમાં વાસુકી દાદાની તિથી ઉજવાઈ



દશરથસિંહ પરમાર - લીમડી તાલુકાના શિયાણી ગામે વાસુકી દાદા ની તિથિ નિમિત્તે હંસાબેન કરસનભાઈ મોરી દ્વારા આયોજીત સત્સંગ કાર્યક્રમમાં હોમ-હવન,ધજા,અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવતા સ્થાનિક ભાવિક ભક્તો સહિત સંતો,મહંતો ઉપસ્થિત રહી તિથીની ઉજવણી ઉત્સાહભેર કરી હતી.-અખંડ ભારત

# દિવ્યાંગ બાળકોના વિકાસ માટે ICDSનો સરાહનીય પ્રયાસ

પટેલ સંજય કુમાર - વલસાડ જિલ્લા સંકલિત બાળ વિકાસ યોજના કચેરી હસ્તક પારડી તાલુકાના ઘટક-૧ ના મોટા વાઘછીપા સેજાના ડહેલી પવલગિરી આંગણવાડી કેન્દ્રમાં પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રકટર કુંજલ પટેલ દ્વારા મુલાકાત લેવામાં આવી ત્યારે જણાયું કે, પૂર્વ પ્રાથમિક શિક્ષણના રજિસ્ટરમાં એક બાળકનું નામ નોંધાયેલું હોવા છતાં આંગણવાડી કેન્દ્રમાં આ બાળક નિયમિત આવતું નથી. જેથી આંગણવાડી કાર્યકર નિશલબેન પટેલે જણાવ્યું કે, બાળક શારીરિક તેમજ માનસિકરીતે વિકલાંગ હોવાથી બાળકના વાલી આંગણવાડીમાં મોકલતા નથી. આંગણવાડીમાં રોજ થીમ મુજબની કરાવાતી



પ્રવૃતિઓ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે પણ વાલીને જાણ નથી. જેથી પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરે વાલીનો સંપર્ક કરતા વાલીએ જણાવ્યું કે, અમારુ બાળક બીજા બાળકો કરતા અલગ છે. જેથી અમે આંગણવાડીમાં બાળકને નથી મોકલી શકતા. અમારા બાળકને વધારે સંભાળની જરૂર હોવાથી એક વ્યક્તિએ સતત તેની સાથે રહેવુ પડે છે.વાલીની આ વાત સાંભળી પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રકટર દ્વારા બાળક આંગણવાડીમાં આવતું થાય તે માટે સફળ આયોજન કરવામાં આવ્યું. આંગણવાડી કાર્યકર નિશલબેનેગૃહ મુલાકાત કરી વાલીને પૂર્વ પ્રાથમિક શિક્ષણની અલગ અલગ થીમ વિશે સમજ આપી. "પાપા પગલી પ્રોજેકટની વિવિધ થીમ, રોજની અલગ અલગ પ્રવૃતિઓ અને "મારી વિકાસયાત્રા" બતાવી વિકાસના છ પાસાની વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી હતી. આ સાથે દિવ્યાંગ બાળકોનો આંગણવાડીમાં સમાવેશ કરવાના રાજય સરકારના અભિયાન વિશે સમજ આપવામાં આવી હતી જેથી વાલી પોતાના બાળકને રોજ આંગણવાડીમાં મોકલવા તૈયાર થયા હતા.બાળકની માતા જયોતિબેન પટેલ (નામ બદલ્યુ છે) એ જણાવ્યું કે, મારૂ બાળક શારીરિક અને માનસિક રીતે વિકલાગ છે. બીજાબાળકો કરતા મારૂ બાળક અલગ હોવાથી આંગણવાડીમાં મોકલવામાં સંકોચ થતો હતો.

પરંતુ પ્રિ સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર કુંજલ પટેલ અને આંગણવાડી કાર્યકર નિશલ પટેલે પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્વ સમજાવી જણાવ્યુ કે, મારૂ બાળક બીજા બધા બાળકો સાથે રહીને બધુ શીખી શકે છે. જેનાથી તેનો માનસિક વિકાસ પણ વધશે. આ સિવાય રમત ગમતના સાધનો અને વિવિધ પ્રવૃત્તિ અંગે માહિતી આપતા મે મારા બાળકને આંગણવાડીમાં બાળકને આંગણવાડીમાં મોકલવાનું શરૂ કર્યું હતુંહવે હું મારા બાળકને આંગણવાડીમાં રમકડા રમતા અને મણકાં થોડી રમતા પણ જોઉં છું. બીજા બાળકો સાથે હળવા મળવા પણ લાગ્યુ છે જેથી મને આશા જાગી કે મારૂ બાળક પણ નોર્મલ ભાળકોની જેમ પ્રવૃત્તિ કરતુ થઈ જશે. જેથી નિયમિત રીતે બાળકને આંગણવાડીમાં મોકલુ છું.

મને સમજ આપવા બદલ અને પોષણ અભિયાન હેઠળ મારા બાળકના શારીરિક અને માનસિક વિકાસ માટે રાજય સરકારનો પણ આભાર માનુ છું.-અખંડ ભારત

# ચોટીલામાં વિરોધ પ્રદર્શન



લખાનભાઈ કોટેચા - પહલગામમાં આતંકવાદી હુમલાના સમગ્ર દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.ચોટીલામાં ગૌ ભક્તો અને હિન્દુ સનાતન સંગઠનો દ્વારા પાકીસ્તાનો ધ્વજ સળગાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી આતંકવાદી તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી.-અખંડ ભારત

# સરદારપુરા ખાતે કેન્ડલ માર્ચ યોજાઈ



જયેન્દ્ર પટેલ - પહલગામ આતંકી હુમલાના વિરોધમાં સરદારપુર ગામમાં પહેલગામની નિંદનીય હિંસાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા કેન્ડલ માર્ચ અને પૂતળા દહન કરી મૃતકોને શ્રધ્ધાંજલી અર્પિ હતી.-અખંડ ભારત

# લિમખેડામાં રેલી અને પૂતળા દહન કરાયું




હસમુખ પ્રજાપતિ - દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં જમ્મુ કાશ્મીર ના પહેલગામ માં થયેલા આતંકવાદી હુમલા ના વિરોધ માં પાકિસ્તાન મુર્દાબાદ સાથેના નારા સાથે પાકિસ્તાન નું પૂતળા દહન કરવામાં આવ્યું હતું આ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા લોકો ની આત્માની શાંતિ માટે રામનામ ની ૧૦૮ માળા કરવામાં આવી અને હનુમાન ચાલીસા નો પાઠ કરવામાં આવ્યો હતો .રેલીમાં લીમખેડા ના વેપારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.વારંવાર આવા આતંકી હુમલા કરતા આતંકવાદીઓને નષ્ટ કરવા વિવિધ સંગઢનો દ્વારા સરકારશ્રીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.-અખંડ ભારત

# સરદારપુરા ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

જયેન્દ્ર પટેલ-વિજાપુર તાલુકાના સરદારપુર ગામ મહાકાળી સેવા ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા સ્થાનિકો ઉત્સાહભેર ભાગ લઈ ધાર્મિક પ્રસંગનો લ્હાવો લીધો હતો.આ તબક્કે આ પ્રસંગે ગુજરાત સરકાર પશુપાલન વિભાગ ના નિયામક શ્રીમતી ફાલ્ગુનીબેન સી. ચાવડા,સી.જે.ચાવડા, વિજાપુર તાલુકા પંચાયત ના પૂર્વ પ્રમુખ શ્રી વિજયભાઈ પટેલ, રાજેશ પટેલ (જેપુર) અને ક્રિશ પટેલ (ફૂદેડા) ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત



# જસદણમાં પહેલગામના સ્વર્ગવાસીઓને શ્રદ્ધાંજલિ અપાઈ

અશોક ચણવ - જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં ૨૭ જેટલા નિર્દોષ દેશવાસીઓના મૃત્યુ થયા હતા. જેમાંના મોટાભાગના પ્રવાસીઓ હતા. દેશભરમાં આ દુર્ઘટનાના પગલે આતંકવાદીઓ માટે તિવ્ર આક્રોશ અને સ્વર્ગસ્થો માટે સંવેદનાઓ ફેલાઈ છે ત્યારે આ સ્વર્ગવાસીઓને ભાવભીની શ્રદ્ધાંજલિ જસદણના ભાજપના આગેવાનો- કાર્યકરો દ્વારા અર્પણ કરાઈ હતી. કેન્ડલ લાઈટ પ્રજવલિત કરી મૌન પાળવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ જિલ્લા ભાજપ બક્ષી પંચ



મોરચાના મહામંત્રી અશોકભાઈ એમ. ચાવ પણ જોડાયા હતા.-અખંડ ભારત

# પહલગામ આતંકી હુમલાના વિરોધમાં સાબરકાંઠા -અરવલ્લી સજ્જડ બંધ











( અખંડ ભારત-ટીમ )- કાશ્મીરના પહલગામ આતંકી હુમલામાં ૨૬ જેટલા ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યના પર્યટકોના મોત નિપજતાં તેના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર દેશભરમાં પડ્યા છે.આતંકી તત્વો અને તેના આકાઓ સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તેવો સમગ્ર દેશમાં લોકજુવાળ ઉભો થયો છે.ત્યારે આ આતંકી ઘટનાના વિરોધમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સજ્જડ બંધ પાળી વેપારીઓ ઉગ્ર વિરોધ નોધાવ્યો હતો. કાશ્મીરના પહલગામમાં થયેલી આતંકી ઘટનાના વિરોધમાં આજે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના નાના મોટા શહેરો જેવા કે હિંમતનગર,તલોદ,પ્રાંતિજ,ડેમાઈ, ધનસુરા,મોડાસા,ટોરડા, હરસોલ,સહિતના નાના મોટા તમામ શહેરોમાં આજે સ્થાનિક વેપારીઓ સ્વયંભૂ બંધમાં જોડાઈ ધંધા રોજગાર થી અળગા રહી આતંકી હુમલામાં જીવ ગૂમાવનાર તમામ મૃતકોને શ્રધ્ધાંજલી અર્પિ હતી.સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં આવશ્યક જરૂરીયાત સિવાયના તમામ ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રહેતા જનતા કરફ્યુ જેવો માહોલ સર્વત્ર જોવા મળ્યો હતો.જેને કારણે બંન્ને જિલ્લાના શહેરોને જોડતા માર્ગો ઉપર પણ સ્વયંભૂ કરફ્યું જેવો માહોલ જોવા મળ્યો હતો.આ બંન્ને જિલ્લામાં ઠેર ઠેર રેલી,પુતળા દહન,અને બે મિનિટ મૌન પાળી શોકગ્રસ્ત માહોલ વચ્ચે ભગવાન મૃતકોને શાંતિ આપે તે માટે ઠેર ઠેર પ્રાર્થના અને શ્રધ્ધાંજલી અર્પિણ કરવામાં આવી હતી.તલોદ શહેરમાં વિવિધ વેપારી એસોશિયેશન દ્વારા આજે આપવામાં આવેલા બંધને કારણે સ્વયંભૂ વેપારીઓ બંધમાં જોડાતા વેપાર-ધંધાથી ધમધમતુ તલોદ બજાર સજ્જડ બંધ રહ્યું હતું.વિહિપ અને આરએસએસ દ્વારા તલોદ ટી.આર.ચોકડી થી રેલી કાઢી ટાવર ચોક પાસે આતંકવાદીના પૂતળાનું દહન કરી બજાર મધ્યે આવેલ માતાજીના ચોક ખાતે શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી.-અખંડ ભારત

## તરવાથી -વેમાર માર્ગના તકલાદી કામ મુદ્દે વિવાદ



સબ્બીરાઠોડ સાધલી - શિનોર તાલુકાના તરવાથી, કરજણ તાલુકાના વેમાર ગામ ને જોડતા માટી-મેટલ-ડામર રોડ ની હલકી ગુણવત્તા વાળી કામગીરી ના કારણે વેમારના ગ્રામજનો દ્વારા રસ્તા નું કામ બંધ કરાવ્યા પછી એક કલાકમાં કોન્ટ્રાક્ટરે ફરી વેઠ ઉતાર કામગીરી ચાલુ કરતાં વિવાદ થયો છે.

બે તાલુકાને જોડતા શિનોર તાલુકાના તરવા અને કરજણ તાલુકાના વેમાર વચ્ચે છેલ્લા દોઢ વર્ષથી રસ્તાનું કામ શરૂ કરવામાં આવેલ છે. કામ પૂરું કરવાની મુદત પણ ગત ડિસેમ્બર ૨૦૨૪ માં માં પૂરી થઈ ગયેલ છે. છતાં આજ દિન સુધી પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કામ પૂરું થયેલ નથી અને બે તાલુકાના માર્ગ મકાન વિભાગના નાયબ ઈજનેર કે તેમના મદદનીશ ઈજનેરો સ્થળ પર જોવા માટે પણ આવ્યા નથી. આજરોજ તારીખ ૨૫ એપ્રિલ ૨૦૨૫ ને શુક્રવારના દિવસે વેમાર ગામના રહીશો દ્વારા કોન્ટ્રાક્ટર દ્વારા સંતોષકારક કામગીરી થતી ના હોવાના કારણે રોડનું કામ અટકાવેલ હતું અને નાયબ ઈજનેરના આવ્યા પછી શરૂ કરવા જણાવેલ પરંતુ ગ્રામજનોના ઘરે ગયા પછી તુરંત આ કોન્ટ્રાક્ટર દ્વારા વેઠ ઉતાર કામગીરી ફરીથી શરૂ કરતાં સમગ્ર રસ્તાની તપાસ કરવાની માંગ ઉઠેલ છે. હાલમાં આ રસ્તા પર ડામર નો ઉપયોગ નહિવત્ હોય ૨૪ કલાક બાદ વાહન ચાલે ત્યાં રોડ છૂટો પડી જાય છે. અને લેયર પણ માપ પ્રમાણે નાખેલ નથી. હાથથી પણ આ કાંકરા ઉખડી જાય છે, એટલો તકલાદી રોડ બની રહ્યો છે. ચા કરતા કીટલી ગરમ એ ઉક્તિ મુજબ આનો સ્ટાફ પણ ઉદ્ધતાઈપૂર્વક ગ્રામજનો સાથે વર્તાવ કરે છે. જેથી ગ્રામજનોની માંગણી છે કે જવાબદાર અધિકારીઓ, ઈજનેરો ચૂંટાયેલા પદાધિકારીઓ તાત્કાલિક આ સ્થળ ઉપર આવીને પૂરેપૂરા મટીરીયલથી અને ગુણવત્તા સભર પ્લાન એસ્ટીમેન્ટ મુજબ રસ્તો બને તે માટે કોન્ટ્રાક્ટરને તાકીદ કરે ,કારણકે સમય મર્યાદા નો ભંગ કરીને આ કોન્ટ્રાક્ટર દ્વારા હાલમાં સરકારના નાણાં નો દુરુપયોગ થઈ રહ્યો હોવાનું દેખાઈ રહ્યું છે.-અખંડ ભારત

## જંબુસર નજીકથી લાશ મળી

હમીરસિંહ પઢીયાર- જંબુસર ડાભા સર્કલ નજીક એક આધેડનો મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્થાનિક પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ મૃતકની ઓળખવિધી હાથ ધરી મૃતદેહને પીએમ અર્થે જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત

## પિલુદ્રા ગામનું ગૌરવ



વિષ્ણુ. મકવાણા- પિલુદ્રા ગામના વતની રાઠોડ યશ દશરથભાઈ આર્મીમાં અગ્નિવીર તરીકે તેલંગણાના સિકંદરબાદમાં પોસ્ટિંગ થતાં ફરજ ઉપર હાજર થવા આ જવાનને સ્થાનિકો ફુલહાર પહેરાવી શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

## શિનોરમાં આંગણવાડી કાર્યકરોની ભરતી કરવા માંગ




શબ્બીરાઠોડ - શિનોર તાલુકાની નબળી નેતાગીરી અને જાહેર હિત બાબતે રજૂઆતમાં તદ્દન નિષ્ફળતાના કારણે શિનોર તાલુકાના ટીંગલોદ, કુકસ ૨,સાંધા, ભેખડા, બીથલી ૧ દામાપુરા, ઝાંઝડ ૨ અને સુરા શામળ ૨ આંગણવાડીમાં આંગણવાડી વર્કરો નથી ,જ્યારે બાવળિયા ,સતીષાણા, સાંધા અને દરિયાપુરા ગામે આંગણવાડીમાં તેડાગર નથી.

આ ઉપરાંત અન્ય કારણે રજા ઉપર ગયેલ આંગણવાડીમાં વર્કરો નથી જેના કારણે સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે ૦ થી ૫ વર્ષના બાળકો ઉપરાંત ધાત્રી માતાઓ ,સગર્ભા બહેનોને મળવા પાત્ર સેવાઓ નિયમિત મળતી નથી ,અને જે ગામોમાં ચાર્જમાં આંગણવાડી વર્કર મુકાયા છે, તેઓ પોતાના તથા ચાર્જ ના ગામોમાં પણ સંતોષકારક કામગીરી કરી શકતા નથી. જેના કારણે લાભાર્થીઓને શોષવાનો વારો આવે છે. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના જવાબદાર પદાધિકારીઓ તથા અધિકારીઓ તાલુકામાં ખાલી જગ્યા ઉપર તાત્કાલિક આંગણવાડી વર્કરો તથા તેડાગર મૂકવાનું જાહેરનામુ બહાર પાડે એવી માંગ છે. એક તરફ આંગણવાડી ના મકાનોને નંદઘર નામ આપવામાં આવે છે, અને લોકાર્પણ કરવામાં આવે છે. પરંતુ આવા નંદઘરોમાં યશોદા માતા ના હોવાના કારણે નાના બાળકો સહિત લાભાર્થીઓને પૂરેપૂરી સેવાઓ મળી શકતી નથી એ કડવી હકીકત છે.-અખંડ ભારત

## માતર ખાતે વિશ્વ મેલેરીયા દિન ઉજવાયો



પટેલ રીતેશ - માતર તાલુકાના પ્રા.આ.કેન્દ્ર ત્રાજ ના સોખડા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી તેમા તાલુકા આરોગ્ય અધિકારી શ્રી તથા પ્રાથમિક આરોગ્ય કેંદ્ર ત્રાજ ના મેડિકલ ઓફિસર શ્રીના માર્ગદર્શન હેથળ સોખડા આયુસ માન આરોગ્ય મંદિર ના સ્ટાફ શ્રી ધનશ્યામભાઈ શર્મા (મ. પ હે. વ)તથા નીરમાબેન (એ.એન.એમ ) તેમજ ભાવાનાબેન (આશા) દ્વારા પ્રાથમિક શાળા ના બાળકો ને લાઈવ ડેમો દ્વારા મચ્છરના જીવનચક્ર વિશે તેમજ સ્માર્ટ કલાસનો ઉપયોગ કરી ને પ્રેજટેશન બતાવીને વિશેષ રસપ્રદ માહિતિ આપવામાં આવી હતી.જેમાં શાળા ના બાળકો એ પણ રસથી ભાગ લીધો તથા ગામ લોકોને ગુરુ શિબિર કરીને મેલેરિયા રોગ વિશે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## ઉમરેઠમાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું



યુસુફ કત્લેરીવાલા - ઉમરેઠમાં તાજેતરમાં નિર્માણ પામેલ નવિન સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, કલેક્ટર, પ્રાંત અધિકારી,ઉમરેઠ ના પીઆઈ શેફાલી મેડમ,એમજીવીસીએલના ભટ્ટ તેમજ ઉમરેઠ સામુહિક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક લાલબહાદુર યાદવ ,સ્થાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ તબક્કે આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું.કે અદ્યતન સુવિધાથી સજ્જ આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઉમરેઠ સહિત આસપાસના ૪૦ થી વધુ ગામના દર્દીઓને ઉત્તમ આરોગ્યલક્ષી સુવિધા ઘર આંગણે ઉપલબ્ધ બનશે તેવો આશાવાદ તેમને વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

## નેત્રંગમાં છાશનું વિતરણ કરાયું



પ્રતિક પ્રજાપતિ - નેત્રંગ નગરના ચાર રસ્તા ખાતે ઉનાળાની ગરમીને ધ્યાને લઈને નગરમાં રહેતા પંચાલ સમાજના અગ્રણી અને વેપારી સુરેશભાઈ મણીલાલ પંચાલ તેમજ જે.કે.સિમેન્ટ કંપનીના સહયોગ થી ઠંડી છાસ નું વિતરણ કરવામાં આવતા સ્થાનિકોએ લાભ લીધો હતો.-અખંડ ભારત

## ઈન્દ્રાડ ગામે ચેકડેમનું ખાતમુહુર્ત કરાયું




રોહિતભાઈ - સાવલી તાલુકાના ઈન્દ્રાડ ગામે વિશ્વામિત્રી નદીની ઉપર રૂપિયા ૮૬.૦૦ લાખના ખર્ચે ચેક ડેમ બનાવવાનું ખાતમુર્હુત સાવલી વિધાનસભા ધારાસભ્ય કેતનભાઈ ઈનામદારના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સ્થાનિક ગ્રામજનો,તેમજ સિંચાઈ વિભાગના અધિકારી ઓ હાજર રહ્યા હતા.આ ચેક ડેમ બનવાથી આજુબાજુના ગામના ખેડૂતોને ખેતી કરવા માટે પાણી મળી રહેશે તેમજ નદી કિનારે આવેલ ખેડૂતોના ખેતરમાં આવેલ બોરના પાણીનું લેવલ ઊંચું આવશે.-અખંડ ભારત

## ગોધરા ખાતે બેઠક યોજાઈ



જીતેન્દ્ર પટેલ - ગોધરા ખાતે ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના આયોજનના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેનાર નાગરિકો માટે ભોજન, પાણી, આવવા-જવા માટે બસની સુવિધા,રૂટ પ્લાન અને આરોગ્યલક્ષી સુવિધાઓ સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગોના અધિક્ષકશ્રીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.-અખંડ ભારત

# મેં ૮ રૂપિયાથી કારકિર્દી શરૂ કરી હતી:નુસરત ભરૂચાએ કહ્યું- બાળપણની ખરાબ આર્થિક સ્થિતિએ બચતની સારી આદત પાડી દીધી









'પ્યાર કા પંચનામા, 'પ્યાર કા પંચનામા ૨, 'સોનુ કે ટીટુ કી સ્વીટી 'ડ્રીમ ગર્લ', 'છોરી, 'જનહિત મેં જારી, 'રામ સેતુ' જેવી ફિલ્મોથી પોતાની ઓળખ બનાવનાર એક્ટ્રેસ નુસરત ભરૂચા આજે ભલે સફળ એક્ટ્રેસ હોય, પરંતુ તેનાં કરિયરની શરૂઆત એટલી સરળ ન હતી.તાજેતરમાં બોલિવૂડ બબલને આપેલા એક ઈન્ટરવ્યૂમાં, નુસરતે તેના જૂના દિવસોની વાતો શેર કરી. તેણે જણાવ્યું કે- કોલેજના દિવસોમાં તેણે આખો દિવસ ફક્ત ૮ રૂપિયામાં વિતાવ્યો અને કેટલી વાર ભૂખ લાગી ત્યારે પણ તે ફક્ત પાણી પીને કામ ચલાવી લેતી હતી.'કોલેજ સમયથી પૈસા બચાવવાની આદત છે' નુસરતે કહ્યું- ઓહ ગોડ, હું નાણાકીય વ્યવસ્થા કરવામાં બહુ સારી નથી, પણ એટલી ખરાબ પણ નથી. મેં નાની ઉંમરથી જ સમજણ કેળવી લીધી હતી કે મારે મહિનામાં કેટલો ખર્ચ કરવો પડશે. મારી મૂળભૂત જરૂરિયાતો શું છે? મેં એક આંકડો નક્કી કર્યો હોય એટલું જ વાપરતી હતી, બાકી રહેલી આવક હું ઈન્વેસમેન્ટ અને સેવિંગ પર ખર્ચી દેતી હતી.'મને ડર લાગે છે કારણ કે પરિવારની જવાબદારી મારી છે' તેમણે આગળ કહ્યું- હું કોઈ સુપરહ્યુમન નથી. મને ડર લાગે છે. મારા પિતા હવે લગભગ ૭૦ વર્ષના છે, માતા ૬૨ વર્ષની છે અને મારા દાદી ૯૨ વર્ષના છે. ત્રણેય મારી સાથે રહે છે. ભગવાન ના કરે, જો કંઈ થાય, તો મારી પાસે બેકઅપમાં પૈસા હોવા જ જોઈએ. મેં મારી દુનિયા નાની બનાવી દીધી છે જેથી જરૂર પડે ત્યારે હું મારા પ્રિયજનોને ટેકો આપી શકું.

'પાંચ વર્ષ સુધી મેં કોલેજમાં ફક્ત આઠ રૂપિયામાં દિવસ ગુજાર્યો છે' પોતાના કોલેજના દિવસો યાદ કરતાં નુસરતે કહ્યું- હું જુહુથી 'જય હિંદ' કોલેજ જતી હતી. તે સમયે પપ્પાની આર્થિક સ્થિતિ સારી ન હતી, બિઝનેસમાં તેમની સાથે છેતરપિંડી થઈ હતી. મેં 'જય હિંદ' કોલેજમાં પ્રવેશ લીધો, પણ મને ખબર હતી કે હું મારા પિતા પાસેથી પૈસા નહિ માગી શકું. મેં મારા કોલેજના પાંચ વર્ષ ફક્ત ૮ રૂપિયામાં વિતાવ્યા છે. 'હું ઘરેથી નીકળીને જુહુથી સાંતાક્રુઝ સ્ટેશન જતી બસ નંબર ૨૩૧ પકડતી હતી; તેની ટિકિટ ૪ રૂપિયા હતી. પપ્પાએ મારા માટે રેલ્વે પાસ બનાવડાવ્યો હતો, મારે તેના માટે પૈસા ચૂકવવાની જરૂર નહોતી. ચર્ચગેટ ઉતરતી, ચાલીને કોલેજ જતી અને આખો દિવસ ત્યાં જ રહેતી. સાંજે એ જ રસ્તે પાછી ફરતી. જવા માટે ૪ રૂપિયા અને પાછા આવવા માટે ૪ રૂપિયા; કુલ ૮ રૂપિયા વાપરતી. કોલેજમાં પાણી મફત હતું, જ્યારે કંઈ ખાવાની ઈચ્છા થતી ત્યારે હું ફક્ત પાણી પી લેતી.''રેસ્ટોરન્ટમાં બેઠી રહેતી, પણ ઓર્ડર નહોતી આપતી' નુસરતે એક કિસ્સો શેર કર્યો, એકવાર મિત્રોએ બાંદ્રામાં એક નવા રેસ્ટોરન્ટમાં મળવાનો પ્લાન કર્યો હતો. હું ઘરે હતી, વિચારી રહી હતી કે જાઉં કે નહી? જુહુથી બાંદ્રા સુધીની રિક્ષાનો ખર્ચ ૬૦-૭૦ રૂપિયા થશે અને પરત ફરવા માટે પણ એટલા જ રૂપિયા. એકલા બેસવું પણ કંટાળાજનક લાગતું હતું. હું ત્યાં ગઈ, પણ પૈસા બચાવવાનું પણ વિચારતી હતી.

# હિન્દુ-હિન્દુ શું કરો છો? ગોદી મીડિયા વાતને વધારે ચગાવે છે :પહેલગામ આતંકી હુમલા પર શત્રુઘન સિંહાનું નિવેદન



જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં કુલ ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ અંગે ઘણા બોલિવૂડ સેલેબ્સે ગુસ્સો વ્યક્ત કર્યો હતો. એવામાં શત્રુઘન સિંહાનું નિવેદન પણ સામે આવી રહ્યું છે.પહેલગામ આતંકી હુમલા પર શત્રુઘન સિંહાનું નિવેદન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં પહેલગામમાં પ્રવાસીઓ સાથે બનેલી ઘટના વિશે પત્રકારોએ શત્રુઘન સિંહાને પ્રશ્નો પૂછ્યા હતા, સવાલ સાંભળીને એક્ટર ટર્ન્ડ રાજનેતાએ તરત જ આક્રમક વલણ સાથે કહ્યું, 'હિન્દુઓ-હિન્દુઓ શું કરો છો? ત્યાં હિન્દુ અને મુસ્લિમ, બધા જ ભારતીય છે. આ મોદી સરકાર અને તેમની ટીમ દ્વારા શરુ કરાયેલી પ્રોપગેન્ડા વૉર છે.' તેમણે આગળ કહ્યું, આ મુદ્દો સંવેદનશીલ છે અને આ રીતે તણાવ ન વધારવો જોઈએ. વાઈરલ વીડિયોમાં શત્રુઘન સિંહા કહે છે કે, 'ગોદી મીડિયા' આ મામલાને જરૂર કરતાં વધારે ચગાવ્યો છે'. આ પ્રોપગેન્ડા વૉર મારા મિત્ર માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના જૂથ દ્વારા ખૂબ જ ચલાવવામાં આવી રહી છે. આ ખૂબ વધારે થઈ રહ્યું છે. હું માનું છું આ ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે. આ બાબતની ઊંડાણપૂર્વક તપાસ કરવી જોઈએ. આપણે એવું કંઈ ન કહેવું કે કરવું જોઈએ જેનાથી તણાવ વધે. ઘાવને મલમ લગાવવાની જરૂર છે.'શત્રુઘન સિંહા નિવેદન બાદ ટ્રોલ થવા લાગ્યા શત્રુઘન સિંહાનું નિવેદન આવતાં જ લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. કેટલાક લોકોએ તો સોનાક્ષીનાં લગ્નના મામલે પણ કહેવાનું શરુ કરી દીધું છે. એક વ્યક્તિએ તો તેને પાકિસ્તાની એજન્ટ પણ કહ્યા હતા. બીજા એક યુઝરે લખ્યું, 'તમને ઈર્ષ્યા કેમ થઈ રહી છે?' અન્ય યુઝરે પૂછ્યું તો પછી પીડિતો શું ખોટું બોલી રહ્યા છે? વીડિયોની નીચે લોકો આ પ્રકારની કૉમેન્ટ કરી રહ્યા છે.ગુજરાતી બોલિવૂડ સિંગર સલીમ મર્ચન્ટનું નિવેદન ગુજરાતી બોલિવૂડ સિંગર સલીમ મર્ચન્ટે પણ આતંકી હુમલાની નિંદા કરતી પોસ્ટ શેર કરી હતી. પોસ્ટ શેર કરતા તેણે લખ્યું, 'પહેલગામમાં જે નિર્દોષ લોકોની હત્યા એ માટે થઈ કારણ કે તેઓ હિન્દુ હતા, મુસ્લિમ નહિ. શું આ હત્યારાઓ મુસલમાન છે? ના, તેઓ આતંકવાદી છે. કારણ કે ઈસ્લામ આવું નથી શીખવતું. કુરાન-એ-શરીફમાં સૂરહ અલ-બકરા, આયત ૨૫૬ માં કહેવામાં આવ્યું છે કે ધર્મના મામલામાં કોઈ બળજબરી ન હોય. આવું કુરાન-એ-શરીફમાં લખવામાં આવ્યું છે.

# ઈમાનવીએ આક્ષેપો ફગાવતા કહ્યું, "આ વાતમાં કોઈ તથ્ય નથી, હું ભારતીય છું અને તે મારા લોહીમાં છે



પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં રોષ ફેલાયો છે. આ દરમિયાન એક્ટર પ્રભાસની ફિલ્મ 'ફૌજી'ની એક્ટ્રેસ ઈમાનવી સામે સોશિયલ મીડિયા પર અનેક પ્રકારના આરોપો લગાવવામાં આવી રહ્યા છે. યૂઝર્સનો દાવો છે કે, ઈમાનવીનો પરિવાર પાકિસ્તાની સેના સાથે સંકળાયેલો છે. જોકે, ઈમાનવીએ પોતે આ આરોપોને નકારી કાઢી, સ્પષ્ટતા આપી છે.સોશિયલ મીડિયા પર કેટલાક યૂઝર્સે દાવો કર્યો છે કે, અમેરિકા જતાં પહેલા ઈમાનવીના પિતા પાકિસ્તાની સેનામાં મેજર હતા. આ દાવા પછી, ઈમાનવીને સતત ટ્રોલ કરવામાં આવી રહી છે.ઈમાનવીએ કહ્યું, "ઓનલાઈન ટ્રોલ્સ દ્વારા બનાવવામાં આવેલી ખોટી વાતો છે, જે નફરત ફેલાવવા અને લોકોને વિભાજીત કરવા માટે છે. મારા પરિવારમાં કોઈનો પાકિસ્તાની સેના સાથે કોઈ સંબંધ નથી. આવી વાતો પાયાવિહોણી અને દુખદ છે. લોકો સત્ય જાણ્યાં વિના સોશિયલ મીડિયા પર આરોપો લગાવી રહ્યા છે. હું લોસ એન્જલસ, કેલિફોર્નિયામાં જન્મેલી ભારતીય-અમેરિકન છું. મારા માતાપિતા યુવાનીમાં જ અમેરિકા ચાલ્યાં ગયાં હતાં અને થોડા સમય બાદ અમેરિકન નાગરિક બની ગયાં. હું હિન્દી, તેલુગુ, ગુજરાતી અને અંગ્રેજી બોલું છું અને હંમેશા મારી ભારતીય સંસ્કૃતિ અને વારસાને અપનાવતી રહી છું.""યુએસએમાંથી યુનિવર્સિટીમાં અભ્યાસ પૂરો કર્યા પછી, મેં એક્ટ્રેસ, કોરિયોગ્રાફર અને ડાન્સર તરીકે કામ કરવાનું શરૂ કર્યું. ભારતીય સિનેમા મારા જીવનનો એક મોટો ભાગ છે. મને આશા છે કે, હું તેના વારસામાં કંઈક યોગદાન આપી શકીશ. મારી ઓળખ ભારતીય છે અને તે મારા લોહીમાં છે.""નિર્દોષ લોકોના મૃત્યુ પર અમે શોકમાં ડૂબેલા છીએ. કલા વિભાજન કરવાને બદલે એકતા વધારવાનું કામ કરે છે. ઈતિહાસ દર્શાવે છે કે, કલાએ જાગૃતિ વધારવા, સંસ્કૃતિઓને જોડવા અને કરુણાના સંદેશાઓ ફેલાવવાનું કામ કર્યું છે. તો આ દુઃખના સમયમાં આપણે પ્રેમ વહેંચતા રહેવું જોઈએ. આપણે એકબીજાને ટેકો આપવો જોઈએ."ઈમાનવી વિશે સોશિયલ મીડિયા પર કહેવામાં આવ્યું હતું કે, તે એક ભૂતપૂર્વ પાકિસ્તાની લશ્કરી અધિકારીની દીકરી છે. તેમનો પરિવાર પાકિસ્તાનના કરાચીનો છે, જે હાલમાં અમેરિકામાં સ્થાયી થયો છે. આ પછી તેનો વિરોધ થયો. આ સાથે એક્ટ્રેસને ફિલ્મમાંથી દૂર કરવાની માંગ પણ કરવામાં આવી હતી. લોકોએ કહ્યું કે, "પાકિસ્તાની કલાકારોને ભારતીય ફિલ્મોમાં તક ન આપવી જોઈએ."

# ઓમ પુરી અને સીમા કપૂરના લગ્નથી લઈને છૂટાછેડાની કહાની:એક્સ વાઈફે કહ્યું- બીજી સ્ત્રી માટે મને છોડી દીધી, પછી માફી માગી અને મેં તેમને માફ કરી દીધા



દિવંગત એક્ટર ઓમ પુરીની એક્સ પત્ની અને ફિલ્મ નિર્માતા-લેખિકા સીમા કપૂર આ દિવસોમાં તેમની બાયોગ્રાફી 'યૂં ગુજરી હૈ અબ તક' માટે સમાચારમાં છે. આ દરમિયાન તેમણે ઓમ પુરી સાથેના પોતાના સંબંધો વિશે વાત કરી. તેમણે કહ્યું કે- ઓમ પુરીએ મને ખૂબ દુઃખ પહોંચાડ્યું હતું. પરંતુ તે પોતાના અંતિમ વર્ષોમાં જે દુઃખ અને અપમાન સહન કરતા હતા તે ભોગવવાને લાયક નહોતા.ગલાટા ઈન્ડિયા સાથે વાત કરતા સીમા કપૂરે કહ્યું, જ્યારે તમારી નજીકની કોઈ વ્યક્તિ કંઈક ખોટું કરે છે, ત્યારે તમને પણ તેમના કાર્યો પર શરમ આવે છે. મારી સાથે પણ કંઈક આવું જ બન્યું. જ્યારે પુરીજીએ મને છોડીને ફરી લગ્ન કર્યા, ત્યારે દુઃખી થવા ઉપરાંત, મને શરમ પણ આવતી હતી. જોકે, મીડિયામાં પુરીજી વિશે ઘણું સારું અને ખરાબ લખાયું અને કહેવામાં આવ્યું. પણ કોઈએ અમારા સંબંધને સમજવાનો પ્રયાસ ન કર્યો.જ્યારે પુરીજી મને છૂટાછેડા આપવા માટે કોર્ટમાં ગયા, ત્યારે પણ મેં તેમની વિરુદ્ધ એવું કંઈ કહ્યું નહીં જેનાથી તેમનો આદર ઓછો થાય. મેં ક્યાંય કોઈ ઈન્ટરવ્યૂ પણ આપ્યો નથી. આજે પુરીજી પોતાનો પક્ષ રજૂ કરવા માટે આપણી વચ્ચે નથી. આવી સ્થિતિમાં, આપણી જવાબદારી વધુ વધી જાય છે કે આપણે એવું કંઈ ન કહીએ જેનાથી આપણે આપણી આંખોમાં જોઈ ન શકીએ.સીમાએ કહ્યું, હું ૧૯૭૯માં ઓમ પુરીજીને મળી હતી. મારા મોટા ભાઈ રણજીત કપૂર કોમેડી નાટક 'બિચ્છુ' કરી રહ્યા હતા. ઓમ પુરીજી તેમાં કામ કરવા આવ્યા હતા. ઓમજીને લાગતું હતું કે તેઓ કોમેડી નહી કરી શકે, પણ રણજીતભાઈને વિશ્વાસ હતો કે તેઓ ખૂબ સારી કોમેડી કરી શકશે. તે નાટક પછી, ઓમ પુરીએ 'જાને ભી દો યારો' જેવી કોમેડી ફિલ્મોમાં કામ કર્યું.ઓમજી મારા મોટા ભાઈના મિત્ર હતા અને મારાથી ૧૦ વર્ષ મોટા હતા. મને તેમનો કેરિંગ નેચર ગમ્યો, પણ તે સમયે મારા દીલમાં કોઈ પ્રેમની કોઈ લાગણી નહોતી. ધીમે ધીમે અમે મિત્રો બન્યા અને પછી અમને પ્રેમ થયો. જ્યારે મારા પિતા આ દુનિયામાં નહોતા, ત્યારે ઓમજી તેમના પિતા સાથે લગ્ન નક્કી કરવા માટે અમારા ઘરે આવ્યા હતા. અમારા લગ્ન ૧૯૯૦માં થયા.સીમાએ આગળ કહ્યું, આ પછી પુરીજીના જીવનમાં બીજી સ્ત્રી (નંદિતા પુરી) આવી. એટલા માટે તે મારાથી અલગ થવા માંગતા હતા. આ સાંભળીને મને ખૂબ જ દુઃખ થયું. જ્યારે પુરીજીએ અલગ થવાની વાત કરી ત્યારે હું પ્રેગ્નટ હતી. તે સમયે, મેં મારા પ્રેમ અને મારા ભાવિ બાળકને પણ ગુમાવ્યું. એ દુઃખમાંથી બહાર નીકળવું મુશ્કેલ હતું. પણ મારી માતાને જોયા પછી મેં મારી જાતને કાબૂમાં રાખી.પછી મેં મારી જાતને મારી કારકિર્દીમાં વ્યસ્ત રાખી. કદાચ ભગવાન મને મજબૂત બનાવવા માગતા હતા, તેથી જ તેમણે મને આટલું બધું દુઃખ આપ્યું. ૩૫ વર્ષ પહેલાં સ્ત્રી માટે છૂટાછેડા લેવાનું એટલું સરળ નહોતું. પણ તૂટી પડવાને બદલે, મેં મારી જાતને મજબૂત બનાવી અને જીવનમાં નવા રસ્તા શોધ્યા. સીમાએ કહ્યું, તેમના (ઓમ પુરી) જીવનના છેલ્લા દસ વર્ષ ખૂબ જ દુઃખદ હતા. તે ક્યારેય તેમને લાયક નહોતા. તેમણે પોતાના જીવનમાં ખૂબ જ મહેનત કરી. પોતાના આદર્શો સાથે સમાધાન કર્યા વિના લડ્યા

# બાયડના ડેમાઈમાં સજ્જડ બંધ



ત્રિલકો પંડ્યા - જમ્મુ કાશમીરના પહલગામમાં થયેલ આંતકી હુમલાની ઘટનાના સમગ્ર દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.ઠેર ઠેર શ્રધ્ધાંજલી,વિરોધ પ્રદર્શન વચ્ચે બાયડના ડેમાઈમાં પણ સ્થાનિકો દ્વારા વેપાર ધંધા બંધ રાખી સ્વયંભૂ બંધમાં જોડાઈ સજ્જડ બંધ પાળી તમામ મૃતકોને ભાવથી શ્રધ્ધાંજલી અર્પિ હતી.-અખંડ ભારત

# થરાદના ગ્રામ્યમાંથી ઈંગ્લિશ દારૂ ઝડપાયો




થાનાજી રાજપૂત - બનાસકાંઠા જિલ્લાના થરાદ પો.સ્ટે વિસ્તારમાં જિલ્લા એલસીબીની ટીમ પ્રોહિબિશન વૉચમાં હતી.જે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે નાગલા ગામની સીમમાંથી એક ઈકો કાર દારૂ ભરીને પસાર થવાની બાતમીના આધારે પોલીસે વૉચ સઘન કરી બાતમી મુજબની ઈકો કાર પસાર થતાં તેને થોભાવી કારની તલાશી લેતાં કારમાંથી ઈંગ્લિશ દારૂની વિવિધ બ્રાન્ડની ૪૮૦ બોટલ જેની કિ.રૂ.૧.-૦૪.૯૨૮ તથા કાર મળી કુલ રૂ.૫.૧૪.૯૨૮નો મુદ્દામાલ કબ્જે લઈ મોહીલખાન કરીમખાન રાઉમા અને ભરત ઉર્ફે ભચો જીવણભાઈ આયર બંન્ને વિરૂદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનોં નોધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

-અખંડ ભારત

# પિલુદ્રામાં વિદાય સમારંભ યોજાયો



વિષ્ણુ મકવાણા - પ્રાંતિજ તાલુકાના પિલુદ્રા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક ચેતનકુમાર પી. પ્રજાપતિ ની બદલી તેમના વતનમાં થતા શાળા પરિવાર દ્વારા વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સરપંચ, હાઈસ્કૂલના આચાર્ય, એસએમસી સભ્યો, ગ્રામજનો, શિક્ષક ભાઈઓ અને બહેનો તથા બાળકો હાજર રહી વિદાય લઈ રહેલ શિક્ષકની કામગીરીને બિરદાવી વિદાય આપવામાં આવી હતી.આ તબક્કે વિદાય લઈ રહેલ શિક્ષક ચેતનભાઈ દ્વારા શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# પહલગામ આંતકી હુમલાને લઈ મુસ્લિમ સમાજમાં રોષ



દલાભાઈ તભિયાર - પહલગામ આતંકી હુમલાના વિરોધમાં મહીસાગર જીલ્લા ના મુસ્લિમ સમાજ દ્વારા કાળી પટી બાંધી નમાઝ અદા કરી લુણાવાડા ખાતે મુસ્લિમ સમાજ ના લોકો દ્વારા સૂચક બનેરો સાથે વિરોધ દર્શાવ્યો હતો.મુસ્લિમ સમાજ દ્વારા પાકિસ્તાન મુર્દાબાદ ના નારા લગાવી આતંકી હુમલામાં મરણ ગયેલ તમામ મૃતકોને શ્રધ્ધાંજલી અર્પિ હતી.-અખંડ ભારત

# જુનાગઢમાંથી એસ.ઓ.જી. પોલીસે પિસ્તોલ અને કાર્ટીસ સાથે બે ઈસમો ની કરી અટકાયત

કિશન બહેચા -જુનાગઢ શહેરમાં ગેરકાયદેસર હથિયાર સાથે ગુનાખોરીને અટકાવવા માટે સતત કાર્યવાહી કરતાં જુનાગઢ એસ.ઓ.જી. ટીમે બે ઈસમોને દેશી બનાવટની પિસ્તોલ અને જીવતા કાર્ટીસ સાથે પકડી પાડ્યા છે.એસ.ઓ.જી.ના પો.કોન્સ્ટેબલ રોહીતભાઈ ધાધલ અને ભુપતસિંહ સિસોદીયાને ખાનગી બાતમીદારો પાસેથી ચોક્કસ હકિકત મળી કે રહીમ ઉર્ફે રહીશ દીલાવરભાઈ બેલીમ (ઉ.વ. ૩૦), રહે. મજેવડી દરવાજા, ચુનારા વાસ, જૂનાગઢ પોતાના કબ્જામાં ગેરકાયદેસર હથિયાર રાખી, ચુનારા વાસના નાકા પાસે સાગર પાન વાળી ગલીમાં આંટાફેરા કરી રહ્યો છે.એસ.ઓ.જી. ટીમે તરત જ ત્યાં પહોંચી રહીમ બેલીમને વોચ દરમ્યાન ઝડપી પાડી તેની અંગઝડતી હાથ ધરી હતી, જેમાં તેના પેન્ટના નેફામાંથી રૂ. ૩૦,૦૦૦ મૂલ્યની એક દેશી પિસ્તોલ મળી આવી હતી. વધુ તપાસમાં પિસ્તોલ સાથે રૂ. ૩૦૦ મૂલ્યના ત્રણ જીવતા કાર્ટીસ પણ



મળી આવ્યા હતા. આરોપી પાસે આ હથિયાર બાબતે કોઈ લાયસન્સ કે કાયદેસર દસ્તાવેજો ન હતા.પોલીસની પૂછપરછમાં રહીમ બેલીમે કબૂલ્યું કે આ પિસ્તોલ તેના મિત્ર શૈલેષકુમાર પરબતભાઈ કાબા (ઉ.વ. ૩૪), રહે. એન્જલ પાર્ક, મધુરમ, જુનાગઢનું છે અને તેણે ગઈકાલે આપ્યું હતું. એ આધારે એસ.ઓ.જી.એ શૈલેષકુમાર કાબાને ઝડપી લઇ તપાસ હાથ ધરી હતી. શૈલેષકુમાર કાબાએ પણ કબૂલ્યું કે પિસ્તોલ અને કાર્ટીસો તેના જ છે. તે પહેલાં ભારતીય સેના માં ફરજ બજાવતો અને હવે રિટાયર્ડ છે. તેણે સ્વીકાર્યું કે તે લાયસન્સના આધારે આ હથિયાર રાખતો હતો, પણ લાયસન્સ ઘણા સમયથી એક્સપાયર થઈ ગયું છે અને તે પછી લાયસન્સ રિન્યૂ કરાવ્યું નથી, કે હથિયાર સરકાર સમક્ષ જમા કરાવ્યું નથી. તેણે લાયસન્સની શરતોનું ઉલ્લંઘન કરતાં પિસ્તોલ પોતાનાં મિત્રને આપી દીધી હતી, જે કાયદેસર ગુનો બને છે. આ તમામ ઘટનાક્રમ બાદ એસ.ઓ.જી. દ્વારા બંને આરોપીઓને ઝડપી લઈને જુનાગઢ શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધવામાં આવ્યો છે. અખંડ ભારત

# ભિલોડા ટોરડામાં વેપારીઓએ બંધ પાળ્યો



સંકેતકુમાર પરમાર- કાશ્મીરના પહલગામમાં થયેલ આતંકી ઘટનાના વિરોધમાં ભિલોડા તાલુકાના ટોરડા ગામના વેપારીઓએ એક દિવસનો બંધ પાળી વિરોધ નોધાવી મૃતકોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.-અખંડ ભારત

# સિક્કા ખાતે વિશ્વ મેલેરીયા દિન ઉજવાયો



ખાંટ ચંદુભાઈ - અરવલ્લી જિલ્લાના ધનસુરાના સિક્કા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી અંતર્ગત ડૉ.એડમ તથા જી એસ ઠાકોર તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ હાજર રહી મેલેરિયા વિશે જાગૃતતા લાવવા મેલેરિયા કઈ રીતે ફેલાય છે અને કઈ રીતે અટકાવી શકાય તેની માહિતી અને માર્ગદર્શન સ્થાનિકોને આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# સંજેલી ખાતે વિશ્વ મેલેરીયા દિનની ઉજવણી કરાઈ



વિપુલ બારીયા - દાહોદના સંજેલી ખાતે આરોગ્ય અધિકારી અને કર્મચારીઓની ઉપસ્થિતીમાં વિશ્વ મેલેરિયા દિવસ ઉજવણી નિમિત્તે સૂચક બેનર સાથે રેલી નું આયોજન કરી મેલેરીયા સંલગ્ન માહિતી અને માર્ગદર્શન ઉપસ્થિત લોકોને આપી વિશ્વ મેલેરીયા દિનની ઉજવણી કરવામાં આવી હતી.-અખંડ ભારત

# ભથવાડામાં વિદાય સમારંભ...

વિપુલ બારીયા - દેવગઢબારિયા તાલુકાના ભથવાડા પગાર કેન્દ્ર શાળામાં ૧૯૯૧ થી ફરજ બજાવતા બાબુભાઈ પટેલનો નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ શાળાના પટાગણમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરી આવેલ મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા સ્વાગત શાળાના આચાર્યશ્રી સુભાષભાઈએ કર્યું હતું. શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રીઓ સરતનભાઈ અને રમેશભાઈએ બાબુભાઈએ કરેલા બાળકો અને



શાળાના વિકાસ માટેના કામને ઉજાગર કર્યા હતા. આ પ્રસંગે શિક્ષણજગત સાથે સંકળાયેલ આમંત્રિતો,સ્થાનિકો ઉપસ્થિત રહી વિદાય લઈ રહેલ શિક્ષકને શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# ચાળા ગામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

કલ્પેશ બારોટ - સૂઈગામ તાલુકાના ચાળા ગામે સમસ્ત ધણાનીયા પબાબા પરિવાર અને રામજીબા પરિવાર તેમજ ચાળા , મમાણા, ધનાણા ,ગામ દ્વારા શ્રી ચામુંડા માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન કરાયું હતું જેમાં રવિવાર ના રોજ રાત્રે સંતવાણી ભજન કાર્યક્રમ યોજાયો હતો જેમાં કલાકારો (સાહિત્યકાર) મોરલી બારોટ.(ભજનીક) નારણ બારોટ.( છોટે હેમત) વિજય પરમાર. સુરશ ગોહિલ. (લોકગાયિકા)કૈલાશ વણકર. સોનુ ગોહિલ, અને શેણલ સાઉન્ડ



જેતડાના સથવારે સંતવાણી ભજન કાર્યક્રમ યોજાયો હતો જેમાં કલાકારો દ્વારા રમઝટ બોલાવવામાં આવી હતી તેમજ સોમવાર ના રોજ સવારે માતાજીની શોભાયાત્રા તેમજ પ્રાણ પ્રતિષ્ઠા યોજવામાં આવી હતી.જેમાં ચામુંડા માતાજી મૂર્તિ નો ચડાવો નરેશભાઈ હાંજા ભાઈ બારોટ લાવો લીધો હતો,ધજા નો ચડાવો ગીરીશભાઈ પ્રભુભાઈ બારોટ લાવો લીધો હતો અને ચામુંડા માતાજીની આરતી ચડાવો સમસ્ત ધનાણીયા(બારોટ) પરિવાર લાવો લીધો હતો, જેમાં કુલગુરુઃ- પીર નથુરામ પૂનમારામ , ચારડા અને શાસ્ત્રીઃ- માવજીભાઈ પંડ્યા (ઢીમા) અને ભુવાજીઃ- દેસાઈ લાખાભાઈ મેવાભાઈ (સિકોતર ધામ ચાળા) દેસાઈ રણછોડભાઈ સગથાભાઈ દેસાઈ માનસંગ ભાઈ ખોડાભાઇ તેમજ મોટી સંખ્યામાં સમાજ ના લોકો ઉપસ્થિતિ રહ્યા હતા અને ગ્રામજનો અને ધનાણીયા પરિવાર દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો, ધનાણીયા પરિવાર દ્વારા સમગ્ર ગ્રામજનો બારોટ સમાજ નો આભાર વ્યક્ત કર્યો હતો,અને, માતાજીના ભાવિક ભક્તોએ ભોજન પ્રસાદ નો લાભ લીધો હતો.-અખંડ ભારત

# સ્ટેચ્યુ ઑફ યુનિટીથી સાપુતારા તરફ જતા રસ્તા મુદ્દે ગ્રામસભામાં ઉગ્ર વિરોધ થયો

અજીત વસાવા - નર્મદા, સાગબારા તાલુકાનાં પાટી તથા સીમઆમલી ગામે પાટી ગ્રુપગ્રામ પંચાયત પાટી તથા રોજદેવ ગ્રુપગ્રામ પંચાયતના સીમઆમલી ગામે યોજાયેલ ગામસભામાં એજન્ટાનો મુખ્ય મુદ્દો સ્ટેચ્યુ ઑફ યુનિટીથી સાપુતારા તરફ જતા રસ્તાની ચર્ચા કરવામાં આવી હતી. આ રસ્તો સાગબારાથી પાટ અને પાટલામહુ ને જોડતાં જૂના રસ્તા પર જ નવેસરથી સમારકામ કરી રસ્તો બનાવે તેવી લોકોની તથા આમ આદમી પાર્ટીના



કાર્યકરોની માંગ છે. પરંતુ સ્થાનિક નેતાઓના અંગત સ્વાર્થને કારણે રસ્તો સીધો બનાવવાનું દબાણ કરી રહ્યા છે.-અખંડ ભારત

# મોડાસા પશુપતિ મહાદેવ ખાતે પૂજા-પાઠ યોજાયો



દ્વિવેદી શશીકાંત - અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના પાલનપુર સ્થિત પશુપતિ મહાદેવ મંદિર ખાતે તાજેતરમાં જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલ આતંકી હુમલામાં જીવ ગૂમાવનાર પર્યટકોના આત્માને શાંતિ અર્થે શાસ્ત્રી શ્રી સુશીલભાઈ મહારાજ દ્વારા પૂજા પાઠનું આયોજન કરી પ્રાર્થના કરી હતી.-અખંડ ભારત

# વ્યાધરમાં ગ્રામસભા યોજાઈ

રાહુલ તડવી - નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના વ્યાધર ગામમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવતા આંગણવાડી કાર્યકર,ગામ પંચાયતન કિરીટભાઈ તડવી, તાલુકામાંથી આર્યનભાઈ વગેરે ઉપસ્થિત રહી ગામના વિકાસને લગતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી ગ્રામ સભાને સફળ બનાવી હતી.-અખંડ ભારત



# જૂનાગઢમાં કોંગ્રેસની બેઠક યોજાઈ

રાહુલ જોષી- જૂનાગઢના સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસના સંગઠન નવસર્જન અભિયાન અંતર્ગત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીની દ્રષ્ટિ હેઠળ સંગઠનનું નવા માળખા સાથે પુનઃઘટન કરવાની કામગીરી શરૂ થઈ છે.રાષ્ટ્રીય મહાસચિવ ધીરજલાલ ગુર્જરને જનાગઢ જિલ્લાના પ્રભારી તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે સંગઠનના નિર્ણયો હવે દિલ્હીની ચેમ્બરોમાં નહી, પરંતુ જમીન સ્તરે કાર્યકર્તાઓના મત પ્રમાણે લેવાશે.પદાધિકારીઓની નિમણૂક કાર્યકર્તાઓ સાથે સંવાદ બાદ જ કરવામાં આવશે.વિસાવદર વિધાનસભાની આગામી પેટા ચૂંટણી માટે એવા ઉમેદવારને ટિકિટ અપાશે, જે નાગરિકોની માંગને યોગ્ય રીતે રજૂ કરી શકે.તાજેતરના આતંકી હુમલા અંગે તેમણે




જણાવ્યું કે કોંગ્રેસ પાર્ટી સરકાર સાથે છે અને આતંકીઓ સામે કડક પગલાં લેવા માટે ટેકો આપે છે. ગર્જરે ભાજપ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે ઈડી, સીબીઆઈ અને સીઆઈડી જેવી એજન્સીઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી કોંગ્રેસના નેતાઓને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.આવતીકાલે તેઓ વિસાવદર વિસ્તારની મુલાકાત લઈ કાર્યકરો સાથે બેઠક યોજશે.-અખંડ ભારત

# બોટાદ ખાતે દિશા મિટીગ યોજાઈ






છાત્રજીત ભાઈ ધાધલ - બોટાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે બોટાદ અને ભાવનગરના સાંસદ તેમજ કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષ સ્થાને દિશા બેઠકનું આયોજન કરવામાં આવેલ આ બેઠક માં બોટાદ જિલ્લાના અલગ અલગ વિભાગના સરકારી અધિકારીઓ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત મહત્વના અધિકારીઓ ખાસ હાજર રહેલ હતા.આ દિશા મિટિંગમાં બોટાદ જિલ્લાના છેવાડાના માનવીને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે બાબતે કેન્દ્રીય મંત્રી દ્વારા અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચાઓ કરેલ તેમજ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો પણ લાભાર્થીઓને વધુને વધુ લાભ મળે તે મહત્વની બાબત સાથે નિમુબેન બાંભણિયા દ્વારા અધિકારીઓ સાથે ચર્ચા કરી તેમજ બોટાદ જિલ્લામાં લોકોને મળતી સુવિધા અને જરૂરિયાત અંતર્ગત પણ વિસ્તૃત રીતે કેન્દ્રીય મંત્રી નિમુબેન બામણીયા દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે બોટાદ જિલ્લાની ઓળખ બોટાદ જિલ્લાની કયા પાકની ખેતી બોટાદ જિલ્લામાં આવતા ધાર્મિક સ્થાન જેવી અનેક બાબતો ની જોડી તમામને તસવીરમાં મઢી એક પ્રદર્શન હોલ બનાવેલ કલેકટર કચેરી ખાતે નિર્માણ કરેલ આ પ્રદર્શન હોલનું નિમુબેન બાંભણિયા ના હસ્તે ખુલ્લુ મુકવામાં આવેલ તેમજ દાતાઓના સહકારથી બોટાદ જિલ્લામાં રાણપુર સરકારી હોસ્પિટલ માટે એમ્બ્યુલન્સની ફાળવણી પણ કરવામાં આવેલ તેમજ બોટાદ સરકારી સોનાવાલા હોસ્પિટલમાં દાંતના દર્દીઓ માટે લોકોને વધુ સુવિધા મળે તે માટે ડેન્ટલ ચેર પણ આપવામાં આવેલ તેમજ ધાર્મિક સાથે જોડાયેલા લોકો દ્વારા ધાર્મિક કાર્ય દરમિયાન પૂજા પાઠમાં વપરાતી ચીજ વસ્તુઓનો નદીઓમાં પધરાવવામાં આવે જેના કારણે નદીઓમાં પાણી પ્રદૂષિત ન થાય તેને લઈ આજરોજ બોટાદ નગરપાલિકા હદ વિસ્તાર માટે એક વાહન ફાળવવામાં આવેલ જેમાં આ વાહન દ્વારા ધાર્મિક સ્થાનો પર પહોંચી પધરાવવામાં આવતી પૂજા પાઠની ચીજ વસ્તુઓ યોગ્ય જગ્યા ઉપર તેનો નિકાલ કરી તે ચીજ પણ અપવિત્ર ન થાય અને લોકોની ધાર્મિક લાગણી ન દુભાઈ તે બાબતનું સંપૂર્ણ આયોજન સાથે આ વાહન કાર્ય કરશે તેમજ આજના વિવિધ લોકાર્પણ સાથે એક વાલી વાળા પરિવારને પાકું મકાન તેમજ વિચરતી વિમુક્ત જાતિના પરિવારના લોકોને પ્લોટની ફાળવણી અંતર્ગત સનત આપવામાં આવેલ તેમજ એક વાલી ના બાળકો જેમને શાળાએ જવા આવવા માટે અગવડતા ન પડે તે માટે સાયકલ ભેટ આપવામાં આવેલ ત્યારે આજરોજ બોટાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે નિમુબેન બાંભણિયા ના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં બોટાદ જિલ્લાના લોકોને વધુને વધુ સુવિધા મળે તેમ જ આરોગ્ય સહિત થયેલા લોકાર્પણ અંતર્ગત વધુ ને વધુ લોકોને રાહત મળે તેવું આયોજન પૂર્ણ કરવામાં આવેલ હતું.-અખંડ ભારત

## ખાંભા ગ્રામ પંચાયતમાં પંચાયત દિનની ઉજવણી



રાજવીર સરવૈયા- રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ નિમિતે ખાંભા ગ્રામ પંચાયત દ્વારા ઉજવણી અંતર્ગત પંચાયતી રાજ અંગે સ્થાનિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ તબક્કે પંચાયતના તલાટીમંત્રી,સહિત સ્થાનિક આગેવાનો,ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## વિજયનગરમાં વેપારીઓએ બંધ પાળ્યો



દિલપ કુમાર પટેલીય- જમ્મુ કાશ્મીના પહલગામમાં થયેલ આતંકી ઘટનાના વિરોધમાં સાબરકાંઠાના વિજયનગરમાં નાના મોટા દુકાનદારોએ એક દિવસનો ધંધા રોજ બંધ રાખી બંધ પાળી મૃતકોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પિ આતંકવાદી તત્વો સામે કડક કાર્યવાહી સરકાર દ્વારા કરવામાં આવે તેવી માંગ કરી હતી.-અખંડ ભારત

## સિંધાજ કન્યા પ્રા.શાળામાં વિદાય સમારંભ...



ગેડિયા સંજય ભાઈ- કોડીનાર તાલુકાનું સિંધાજ ગામે આવેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ આઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિદાય સમારંભ યોજાયો હતો.આ તબક્કે શાળા આચાર્ય કાંતીભાઈ વળુ સહિત સ્ટાફ પરિવાર,સ્થાનિકો ઉપસ્થિત રહી ઉજ્જવળ કારકીર્દીની શુભેચ્છા સાથે બાળકોને વિદાય આપવામાં આવતા લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતા.-અખંડ ભારત

## પ્રાંતિજમાં સજ્જડ બંધ પાળી વેપારી વિરોધ નોધાવ્યો



પરમાર મહેશભાઇ - જમ્મુ કાશ્મીરના પહેલગામ આતંકી હુમાલાના વિરોધમાં સાબરકાંઠાના પ્રાંતિજ શહેરના નાના મોટા તમામ વેપારી ભાઈઓ આજે ધંધા રોજગાર બંધ રાખી મૃતકોને શ્રધ્ધાંજલી અર્પિ આતંકવાદી તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી એકસૂરે માંગ કરી હતી.- અખંડ ભારત

## શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ ખાતે સન્નિધિ કાર્યક્રમ યોજાશે

**છાત્રજીત ભાઈ ધાધલ - શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ તરઘરા (બોટાદ ) આયોજિત ઠાકરના સાનિધ્યમાં...ઠાકરની વિદ્યાપીઠમાં એક અજવાસી અવસર કેળવણીની કેડીએ " સન્નિધિ "શિક્ષણ સાથે સંસ્કાર અને સદગુણોનો સરવાળો એટલે વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ ખાતે પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબામાના પાવન સાનિધ્યમાં "આધુનિકતાના ઓરડે સંસ્કાર શિક્ષણ અને આદર્શ માનવ્ય ઘડતર" જેવા શ્રેષ્ઠતમ વિષય પર નેહ નિતરતી લાગણીઓનો અસ્ખલિત ગંગધાર સમી મીઠપવાળી વાણીનો મધુર પ્રવાહ સમા નેહલબેન ગઢવીને એક શ્રેષ્ઠતમ વિષય પોતાનું વક્તવ્ય આપશે-અખંડ ભારત**

## શૂલપાણેશ્વર મંદિરે ત્રિ-દિવસીય ભાતીગળ મેળો ગોરા ખાતે યોજાશે



જીતેન્દ્ર સોલંકી - નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં આવેલ શૂલપાણેશ્વર મંદિર ખાતે દર વર્ષની જેમ ચાલુ સાલે પણ પરંપરાગત રીતે ચૈત્ર વદ ૧૩, ૧૪ અને અમાસના રોજ મહાદેવજીનો મેળો ભરાય છે. દાળીયા, નારીયેળ નૈવેધ ચઢાવવામાં આવે છે. ખાસ કરીને અમાસના રોજ મહાદેવજી શૂલપાણેશ્વર મહાદેવજીને ત્યાંથી નર્મદા ઘાટ સુધી પાલખી યાત્રાનો પ્રાગટ્ય ઉત્સવ મનાવવામાં આવે છે. જેનો સૌ ભાવિક ભક્તો આ મેળામાં ઉમટી પડી દેવ દર્શન અને મેળાની મોજ માણશે-અખંડ ભારત

## નેત્રંગમાં સ્મશાન ગૃહ તરફ જવાના રસ્તાનું નિર્માણ કરવા માંગ

પ્રતિક પ્રજાપતિ - નેત્રંગ નગરમાં ત્રણ જેટલા સ્મશાન ગુહ આવેલા છે. જે પૈકી ત્રીજુ સ્મશાન ગૃહ ભાટાકંપની વિસ્તારમાં આવેલ ભાથીજી મંદિરની સામે અને અમરાવતી નદીના સામે કિનારે આવેલ સ્મશાન ગૃહમાં જવા માટે સ્થાનિકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડતો હોઈ આ સ્મશાન ગૃહ તરફ જવા માટે પાકા માર્ગની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે



તેવી સ્થાનિક પ્રજાજનોની માંગ ઉઠી છે.-અખંડ ભારત

## મહેસાણા જિલ્લાનું ગૌરવ




**મહેસાણા જિલ્લાના વડનગર ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ૩.૦ ની સેપક ટકરાવ અંડર ૧૪ ની ભાઈઓની ટીમોમાં શ્રી વી. એમ. પટેલ સરકારી પ્રાથમિક કુમાર શાળા ઉમતા ના ખેલાડીઓએ ગોલ્ડ મેડલ મેળવીને ઉમતા ગામ અને જિલ્લાનું ગૌરવ વધારતા ગામ આગેવાનો,શાળા પરિવારે ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓ અને કોચ પલક ઠાકોર તથા યક્ષ પ્રજાપતિને શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત**

# ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા ૨૭ એપ્રિલે પૂર્ણ થશે





જીતેન્દ્ર સોલંકી - માર્ચથી પ્રારંભાયેલી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં સરળ રીતે ચાલી રહી છે હવે પરિક્રમાને માત્ર ત્રણ દિવસ બાકી રહ્યા છે ૨૭ મી એપ્રિલે પૂર્ણ થશે. જેમાં લાખોની સંખ્યામાં પરિક્રમાવાસીઓ આવી રહ્યા છે. આ પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે. ત્યારે જિલ્લા કલેકટર શ્રી એસ.કે. મોદીની માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરાહનીય વ્યવસ્થાઓ ગોઠવી પરિક્રમાવાસીઓને તકલીફ ન પડે તે માટે સુચારૂ અને સુદ્રઢ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે પોલીસ વિભાગ પરિક્રમાવાસીઓની દેખરેખ, આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય લક્ષી પ્રાથમિક સારવાર અને સખી મંડળ સ્ટોલ થકી વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી નહી નફો નહી નુકશાનના ભાવે વેચઍન કરે છે. અન્ય વિભાગ દ્વારા પણ અનેક ફરજ બજાવીને ચોવીસ કલાક પરિક્રમાવાસીઓની દેખરેખ રાખવામાં આવી રહી છે. તા. ૨૩ મી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ અંદાજિત ૨૬,૨૫૬ પરીક્રમાવાસીઓએ પરિક્રમા કરી છે. અને પરિક્રમાની શરૂઆતથી ૨૩ એપ્રિલ સુધી અંદાજિત ૭,૮૬,૯૨૫ જેટલા પરિક્રમાર્થીઓએ પરિક્રમા કરી ધન્યતા અનુભવી. પરિક્રમા દરમિયાન પરિક્રમાવાસીશ્રી ડબગર અમિતભાઈ જણાવ્યુ હતુ કે, પ્રથમ વખત આ મારી પરિક્રમા છે. હુ અંધવ્યકિત છું મારા મારીધર્મ પત્નીના સ્પોર્ટ થકી આજે હુ પરિક્રમામા આવ્યો છું. જયારે અમે પરિક્રમાની શરૂઆત કરી ત્યારથી પૂર્ણ થાય ત્યા સુધી સરકારશ્રી અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનેક સગવડો કરવામાં આવી છે, જેવી કે ખુરશી, મંડપ, પંખા, લાઈટ, સ્નાન માટે ફુવારા, ટોયલેટ, રસ્તો, નાવડી, બેરીકેટિંગ, બાકડા અને માઈક, રોડ રસ્તા, મેડિકલ કેમ્પ સહિત સીસીટીવીની વ્યવસ્થાઓ ખૂબ જ સારી રીતે કરવામાં આવી છે. તેમજ જે નવો બ્રીજ બનાવામાં આવ્યો છે. એટલે જે પણ દિવ્યાંગ વ્યક્તિ હોય તેઓ પણ સરળતાથી પરિક્રમા કરી શકે છે. પરિક્રમા દરમિયાન કોઈ પણ તકલીફ પડી નથી અહી સ્વંયમ સેવકો થકી પરિક્રમાર્થીઓને માર્ગદર્શન આપતા રહે છે. તે બદલ હુ સરકારશ્રીનો અને જિલ્લા વહીવટીતંત્રનો આભાર માનું છું.સ્થાનિક પરિક્રમાર્થી શ્રી આશુતોષ ભાટિયા જણાવ્યું હતું કે, રાજપીપલાનો રહેવાસી છું, આ મારી ત્રીજી પરિક્રમા છે. પહેલા વર્ષો કરતા આ વર્ષે ખૂબ સારી સુવિધાઓ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને લાઈટીગની સુવિધા, ડોમ, બ્રીજ અને બોટની ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈપણ પરિક્રમાવાસી સરળતાથી દિવસ-રાત્રે પોતાની અનુકુળતાએ પરિક્રમા કરી શકે એટલી સારી વ્યવસ્થા કરવામાં આવી છે જે બદલ સરકારશ્રીનો ખુબ આભાર વ્યકત કરું છું.- અખંડ ભારત

## મુનસર તળાવની અધિકારીઓ મુલાકાત લીધી..



વિરેશ પરમાર - વિરમગામના ઐતિહાસિક મુનસર તળાવની ધારાસભ્યશ્રી હાર્દિક પટેલના નેતૃત્વમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના અધિકારીઓ એ મુલાકાત કરી અને હાર્દિકભાઈએ જરૂરી દેખરેખ માટેની સૂચનાઓ આપી. હાર્દિકભાઈ કહ્યુ કે આ મુનસર તળાવ માત્ર પાણી ભરેલું ખાબોચિયું નથી પરંતુ આપણા સૌની ઐતિહાસિક વિરાસતનું પ્રતીક છે, મુનસર તળાવમાં અને આસપાસ સ્વચ્છતા રહે તે માટે સૌ વિરમગામના લોકો મદદરૂપ થાય તેવી વિનંતી કરું છું. હાર્દિકભાઈએ કહ્યું કે બહુ જલ્દી મુનસર તળાવનો ઈતિહાસ વીડિયો મારફતે વિરમગામના લોકોને વચ્ચે મૂકીશ.એકવાર મુનસર તળાવ અને તેની કલાકૃતિને જોવો અને પછી આ વારસાની જાળવણીનો સંકલ્પ કરો - અખંડ ભારત

# ધારાસભ્ય રીટાબેન પટેલ પ્રેરિત સહાય ફાઉન્ડેશન દ્વારા પહલગામ ખાતે આતંકવાદી હુમલામાં દિવંગત થયેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો




કાશ્મીરના પહલગામ ખાતે પ્રવાસીઓ પર ધર્મ પૂછીને કરાયેલા આતંકવાદી હુમલામાં દિવંગત થયેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા પ્રેરિત સહાય ફાઉન્ડેશન દ્વારા ૩૬-GNPL નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન સ્થળ રામકથા મેદાન ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં મૌન પાળી તેમજ મીણબત્તી સાથે માર્ચ કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ જીવ ગુમાવનાર નિર્દોષોને શ્રદ્ધાંજલિ પાઠવી તેમના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી આતંકવાદના આ નિમ્ન કૃત્યને વખોડ્યું હતું.આ સંદર્ભે ધારાસભ્ય રીટાબેન પટેલે જણાવ્યું છે કે, કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ દ્વારા વેકેશન માણવા આવેલા પરિવારો પર કાયરતાપૂર્ણ હુમલો કરી મહિલાઓ અને બાળકોની હાજરીમાં ધર્મના આધારે થયેલા ટારગેટેડ કિલિંગની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાથી સમગ્ર દેશ વ્યથિત છે, દુઃખી છે અને આ આતંકવાદી હુમલાને દેશના નાગરિકોએ વખોડી કાઢ્યો છે. આજનું ભારત એ નવું ભારત છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નીડર અને નિર્ણાયક નેતૃત્વ હેઠળ આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે ભારત આતંકવાદીઓ અને પડદા પાછળ તેમને પોષનારા લોકોને જડબાતોડ જવાબ આપશે. દેશની જનતાને મોદીજી ના નેતૃત્વ અને ભારતીય સૈન્યના અદમ્ય શૌર્ય અને ક્ષમતા પર સંપૂર્ણ વિશ્વાસ છે. મોદીજીએ પણ કહ્યું છે કે, આતંકીઓ અને તેમના આકાઓએ કલ્પના પણ નહી કરી હોય તે રીતે તેમને જવાબ અપાશે.આ તકે શહેર ભાજપ અધ્યક્ષ ઋચિર ભટ્ટ, સહાય ફાઉન્ડેશનના પ્રમુખ જીગર પટેલ, મનપાના સ્ટે. કમિટી ચેરમેન ગૌરાંગ વ્યાસ, ભાજપ સંગઠનના અગ્રણીઓ, નગરસેવકો અને મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી હતી.

# પીપલવાડા સમગ્ર ગ્રામજનો અને યુવાનો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં કરવામાં આવ્યું

વસંત રાઠોડ......

તારીખ ૨૪.૪.૨૦૨૪ ના રોજ સમગ્ર પીપલવાડા ગ્રામજનો અને યુવાનો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નડિયાદ રેડક્રોસ સોસાયટી દ્વારા આયોજન કરવામાં આવ્યો હતો આ કેમ્પ પીપલવાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં રાખવામાં આવેલો હતો અને કેમ્પમાં પીપલવાળા નાં યુવાનો દ્વારા ખૂબ મહેનત કરી કેમ્પને સફળ બનાવવા માટે સરસ આયોજન કર્યું હતું. આશરે ૨૫ જેટલી બ્લડની બોટલો એકત્ર



કરવામાં આવી હતી અને આજે બોટલો બ્લડ જે લોકોએ ડોનેશન કર્યું છે તેમના ઘરમાં કોઈ બીમાર પડે અને બ્લડની જરૂર પડે તો તેમને પરત આપવામાં આવશે તેવું રેડ ક્રોસ દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું યુવાનો દ્વારા આવા સરસ કાર્યક્રમ પીપલવાડા ગામમાં થઈ રહ્યા છે તો સમગ્ર પીપલવાળા ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને આગામી સમયમાં પણ આ રીતે બ્લડ કેમ્પનું આયોજન કરો તેવું રેડ ક્રોસ દ્વારા સૂચન કર્યું હતું.....અખંડ ભારત

# અશાંત ધારાની વિચિત્ર જોગવાઈઓને કારણે સેંકડો પરિવારો હેરાન, કાયદો ભ્રષ્ટાચારનું માધ્યમ બન્યું



કોટ સહિત શહેરના અનેક વિસ્તારોમાં લાગૂ કરાયેલ અશાંત ધારાના કેટલાક નિયમો લોકોને સલામતી આપવાના બદલે તેમના માટે માથાનો દુઃખાવો બની રહ્યો છે. જેમાં વારસાગત મિલકત ટ્રાન્સફર કરવા માટે તેમજ હિન્દુ સામે બીજા હિન્દુને અથવા મુસ્લિમ સામે બીજા મુસ્લિમને મિલકત વેચે તો પણ મંજૂરી લેવી ફરજિયાત હોય લોકો બિનજરૂરી કાયદાકીય પળોજણમાં અટવાઈ રહ્યા છે. જ્યારે કેટલાક વિસ્તારમાં તો એક જ ધર્મના લોકો રહેતા હોય અને અશાંતિ ન હોવા છતાં કાયદો લાગૂ કરી તેનો દુરુપયોગ કરાતો હોવાની ફરિયાદ સરકારમાં કરાઈ છે.કોટ સહિત અમદાવાદના મણિનગર, પાલડી, બાપુનગર જેવા કેટલાક વિસ્તારોમાં વર્ષોથી અંશાત ધારા લાગૂ હોય બદલાતા સમય અને સમીકરણો સાથે આ નિયમો લોકોને સલામતી આપવાના બદલે હવે તેમની માટે માથાનો દુઃખાવો બની રહ્યા છે. હાલના કાયદા મુજબ વારસાગત રીતે પિતાને પુત્ર, પુત્રી, પત્ની, પરિવારના કોઈ સભ્ય તથા સંબંધીના નામે મિલકત ટ્રાન્સફર કરવી હોય તો પણ પોલીસ તેમજ કલેક્ટરની મંજૂરી લેવી પડે છે. તેમજ કોઈ હિન્દુ સામે બીજા હિન્દુને તથા મુસ્લિમ સામે બીજા મુસ્લિમને જ મકાન વેચવા ઈચ્છતા હોય તો પણ વિવિધ પરવાનગીઓ લેવી પડે છે.

ઉપરાંત એવા વિસ્તારો જ્યાં ખરેખર કોઈ એક જ ધર્મના લોકો રહે છે, અને આસપાસ દોઢેક કિમીમાં બીજા ધર્મના લોકો રહેતા નથી, ત્યાં પણ જરૂર વગર અશાંત ધારા લાગૂ કરી કાયદાનો દુરુપયોગ કરાઈ રહ્યો હોવાની રાવ ઉઠી છે. મંજૂરીઓ લેવાની જટિલ પ્રક્રિયામાં મહિનાઓ લાગી જાય છે. ઉપરાંત વધારાના દસ્તાવેજો માટે લોકોને ધક્કા ખાવા પડે છે. કેટલાક ભ્રષ્ટ તત્વો દ્વારા ફાઈલ આગળ વધારવા તથા મંજૂરી આપવા વધારાના પૈસા પડાવાતા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. જેથી સલામતીના બદલે કાયદો ભ્રષ્ટાચારનું માધ્યમ બની જતા સમયને અનુરૂપ નિયમોમાં સુધારો કરવા માંગ ઉઠી છે.

છટકબારીઓનો ગેરલાભ લઈ અશાંત વિસ્તારોમાં પણ છુપી રીતે મકાન, અને દુકાનોની લે-વેચ થતી હોવાનું જોવા મળે છે. માથાભારે તત્વો યેનકેન પ્રકારે અધિકારીઓ પાસેથી વેચાણ માટે અરજીઓ મંજૂર કરાવી દે છે. કાયદો હોવો સારી બાબત છે, પરંતુ સમયાંતરે તેની છટકબારીઓ શોધી તેમાં સુધારા કરાય તો લોકોને બિનજરૂરી કાયદાકીય પીંજણમાંથી આંશિક રાહત મળી શકે છે.

# નાણાની લેતીદેતીમાં ચાર શખ્સોનો વિદ્યાર્થી ઉપર હુમલો, લેપટોપ તથા મોબાઈલ ફોન તોડી નાખ્યા




મૂળ મહારાષ્ટ્રનો રહેવાસી અને હાલ શહેરના ઉમા ચાર રસ્તા પાસે રહેતો ૨૦ વર્ષીય સાગર વાઘ પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, નાણાની જરૂરિયાત ઉદ્ભવતા મારા મિત્ર રાહુલ આહિરને લેપટોપ આપી ઉછીના રૂ.૧૩ હજાર લીધા હતા. જે નાણા પરત આપવા માટે હું મિત્રો સાથે આજવા રોડ ડવડેક એપાર્ટમેન્ટ ખાતે ગયો હતો. જ્યાં રાહુલ આહીરનો મિત્ર વિશાલ ગાંગર હાજર હતો. તેણે મને મારું લેપટોપ પાછું આપતા હુંએ ચેક કરતા લેપટોપની સ્ક્રીનમાં સ્ક્રેચ જણાઈ આવી હતી. જેથી મેં રાહુલ આહીરને ફોન કરી જણાવ્યું હતું કે, મારા લેપટોપની સ્ક્રીન ખરાબ છે. લેપટોપ સ્ક્રીન રીપેરીંગના પૈસા કાપી બાકીના રૂપિયા પરત આપીશ , જેથી હું તને હાલ રૂ.૧૦ હજાર આપુ છું, તેમ કહી રૂ.૧૦ હજાર રાહુલના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ હું ડવડેક એપાર્ટમેન્ટના ગેટ પાસે ઊભો હતો તે સમયે રાહુલ આહીર, તેના મિત્રો મેહુલ ભરવાડ, માર્મિક તથા એક અજાણ્યા વ્યક્તિએ મારી સાથે ઝઘડો કરી લાકડી વડે મને માર મારી ઈજા પહોંચાડી લેપટોપ તથા ફોન તોડી નાખેલ છે.

# ગુજરાતમાં મલેરિયાની ઘાતક અસર યથાવત્ : દર મહિને સરેરાશ ૩૮૧ કેસથી ચિંતા વધી

ગુજરાતમાં મચ્છરજન્ય બીમારીના અંકૂશ પાછળ દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવતા હોવા છતાં સ્થિતિ પર નિયંત્રણ માટે હજુ વર્ષો લાગી જશે તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. ગુજરાતમાં હાલની સ્થિતિએ દર મહિને મલેરિયાના દરરોજ સરેરાશ ૩૮૦થી વધુ કેસ નોંધાઇ રહ્યા છે. રાહતની વાત એ છે કે, ૨૦૧૯થી મલેરિયાના કેસમાં ઘટાડો થઇ રહ્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી મલેરિયાના ૧૮૪૬૯ કેસ નોંધાયેલા છે. જેની સરખામણીએ ૨૦૧૮માં ૨૨૧૧૪, ૨૦૧૯માં ૧૩૮૮૩ અને ૨૦૨૦માં ૪૭૭૧ કેસ નોંધાયા હતા. આમ, ૨૦૨૦થી મલેરિયાના કેસમાં નોંધપાત્ર ઘટાડો થવા લાગ્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં મલેરિયાના ૪૩૬૫ કેસ નોંધાયેલા હતા જ્યારે ૧ મૃત્યુ થયું હતું. ગત વર્ષે મલેરિયાના સૌથી વધુ ૬૮૮૯૩ કેસ ઓડિશામાં નોંધાયા હતા. સમગ્ર દેશમાં ગત વર્ષે મલેરિયાના કુલ ૨.૫૭ લાખ કેસ સામે આવ્યા હતા જ્યારે ૭૬ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. આરોગ્ય વિભાગના દાવા અનુસાર ગુજરાતમાં મલેરિયા પોઝિટિવ દર ૧ હજારની વસતીએ ૧થી નીચે નોંધાયો છે. જેના પગલે સમગ્ર દેશમાં મલેરિયા નિર્મૂલન અંતર્ગત ગુજરાતનો કેટેગરી-૨માંથી કેટેગરીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૪માં આરોગ્ય વિભાગ દ્વારા મલેરિયાના નિદાન માટે અંદાજે ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓ શોધીને લોહીના નમૂના એકત્રિત કરી નિઃશુલ્ક નિદાન કરાયું હતું. મલેરિયાના ખાસ કરીને ચોમાસામાં સૌથી વધુ દર્દી નોંધાતા હોય છે.કોઇ દર્દી મેલેરિયા પોઝિટિવ છે નહીં તેની ચકાસણી માટે રેપિડ ટેસ્ટ કરવામાં આવે છે. આ ઉપરાંત હોસ્પિટલમાં મેલેરિયાના દર્દીને ક્લોરોક્વિન અને પ્રીમાક્વિનની દવા આપી રેડિકલ સારવાર થાય છે. અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ૫૮ , ૨૦૨૦માં ૨૦, ૨૦૨૧માં ૫ , ૨૦૨૨માં ૫ , ૨૦૨૩માં ૨ અને ૨૦૨૪માં ૬ મેલેરિયા પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ વર્ષે મેલેરિયાના એક પણ કેસ અત્યારસુધીમાં નોંધાયો નથી.































**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697